The more; I consid r his life and his writings, the more I consider him to have been the best Indian of his times Indeed, I put him much higher than Tolstoi in religions perception Both Kavi and Tolstoi have lived as they have preached

—Mr M K Gandhi

જેમ જેમ હું તેઓના જીવનનો અને તેઓના લખાણોનો વિશેષ વિચાર કરૂં છું, તેમ તેમ મારી વિશેષ પ્રતીતિ થાય છે કે, તેઓ એમના સમયના ઉચ્ચતમ હિંદી હતા હું તેઓને ટાલ્સ્ટોય કરતા ધાર્મિક સંવેદક જ્ઞાનમાં વિશેષ ગણું છું કવિ અને ટાલ્સ્ટોય બન્નેએ જેવા પ્રકારનો તેઓએ ઉપદેશ આપ્યો છે તે પ્રમાણેનુંજ ચારિત્ર પાળ્યું છે

—દેશભક્ત ગાંધી સાહેબ

ભાઈ કચરાભાઈ પુંજાભાઈ સ્મારક ગ્રંથમાળા

શ્રીમદ્ રાયચંદ્રનું રાજપદ્ય.

સંશોધક-મનસુખલાલ રવજીભાઈ મહેતા.

ઝવેરી બજાર, મુંબઈ

પ્રકાશક
શાહ પુંજાભાઈ હીરાચંદ
માણેકચોક અમદાવાદ

શ્રી રાયચંદ્ર ચંદ્રિકા.

કાર્તિકી પૂર્ણિમા, ૧૯૭૨

પ્રથમ મુદ્રણ ૧,૦૦૦ મૂલ્ય ૧૨ આના

અમદાવાદ રાયચંદ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

તીર્થસ્વરૂપ મુરબ્બી શ્રી મોહનદાસભાઇને.

શ્રીમદ્ રાજચન્દ્ર



(મહીદીપ છન્દની ચાલ)

દીનનો દયાળ છોડી કોને શરણુ જઉં ? એ ગીતનો ઢાળ

ધર્મનું સામ્રાજ્ય સદા હૃદયમા સુહાવે,
હૃદય રાજ્યચન્દ્ર એ રસામૃત રેલાવે
રસની રેલમાં વહી જીવિત સુરમ્ય મ્હાલે,
જીવિત રાજયચન્દ્ર પ્રાણની સુગન્ધ ફેલે
રસ સુગન્ધ ચેતને જનજગ પાર્થિવ ઝૂલે,
આત્મ રાજ્યચન્દ્ર ત્યા અપાર્થિવ પ્રફુલ્લે

વડોદરાને રાજવાડે,
તા ૧૪-૧૧-૧૫

લલિત.

પ્રસ્તાવના.

શ્રીમદ્ રાયચંદ્રના છૂટા છવાયા જે પદો મળી શક્યા છે તે જનસમાજની સેવામા રજુ કરૂં છુ તેઓનુ જીવન બાલ્યપણથીજ ધાર્મિક હતુ એટલે તેઓના લગભગ સઘળા પદો ધાર્મિકજ છે

ઈ૦ સ૦ ૧૮૮૬–૮૮ ની સાલ દરમ્યાન, માત્ર ઓગણીશ વર્ષની વયે શ્રીમદ્ મુંબઇ ઇલાકામા શતાવધાની શીઘ્રકવિ તરીકે મશહુર થયા હતા, એટલે, કાઠિયાવાડમા અને સકળ જૈન સમાજમા તેઓનુ 'કવિ' તરીકેનુ નામ ઘરગતુ થઈ પડેલુ છે, એટલે સુધી 'ઘરગતુ' થઇ પડ્યુ છે કે, ધાર્મિક દિશામા તેઓના વિચારોને અનુસરી ચાલનારાઓને પણ 'કવિના પંથના' નામથીજ સંબોધાય છે

કવિ તરીકેની આવી નામના છતા તેઓએ પોતાના જીવનમા "લૌકિક કવિ" તરીકે મુદ્દલ પણ પ્રવૃત્તિ કરી નહોતી "ધાર્મિક કવિ" તરીકે, પણ બહુજ થોડી પ્રવૃત્તિ કરી હતી, કારણ કે, તેઓના શબ્દોમા કહીએ તો તેઓનો આત્મનિશ્ચય હતો કે

નહીં ગ્રંથમાંહિ, જ્ઞાન ભાખ્યુ, જ્ઞાન નહીં કવિ ચાતુરી,
જ્ઞાન નહીં ભાષા કરી

આ કારણથી, તેમ તેઓનો બીજો અખંડ અભિપ્રાય એ હતો કે,

"નહીં દે તુ ઉપદેશકુ, પ્રથમ લેહિ ઉપદેશ"

તે કારણથી આપણને આટલાજ પદોની પ્રાસાદિ મળે છે

આ પ્રાસાદિનો જો યથાર્થ વિચાર કરવામા આવે તો તેમા સર્વદર્શનો અને સર્વ શાસ્ત્રોના તત્ત્વો સમાઇ ગયેલા અનુભવવામાં આવવાજ જોઇએ

શ્રી રાયચંદ્ર ચન્દ્રિકા,
કાર્તિકી પૂર્ણિમા ૧૯૭૨
સત્યાગ્રહાશ્રમ, અમદાવાદ

મનસુખલાલ.

પ્યાસ કરૂં શુ અદ્દભુત ' ન પ્રકાશનો,
પ્રતિક્ષણુ જેમા વૃદ્ધિ અનત સુહાય જો
જ્ઞાનીના હારદને સમજે જ્ઞાનીઓ,
અનુભવ્યુ મુજ પામરથી કયમ જાય જો

સાધુ ચરિત

આ આંખે રસભીના તમને ભાળીઆ,
અનુભવ નદનવનના વિરલ વિહારી જો,
બાકી હૃદય વિહીન જયા ત્યા નજરે ચડે,
શુષ્ક જીવન ચરિતાપૂરમાં સસારી જો

સાધુ ચરિત ૬

કથ્યું ન જાયે યદ્યપિ અહ.નિશ આપનુ,
વિલસે અતર ચાર ચિત્ર વિચિત્ર જો,
શેષ જીવન સભારી સુખમા ગાળશુ,
સમિપ સમયના અનુભવ પરમ પવિત્ર જો

સાધુ ચરિત ૭

સુશીલ.

શ્રીમદ્ રાજચંદ્રના કેટલાંક સ્મરણો

(અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?)

સાધુચરિત કવિ સ્મરણ તમારાં શાં કરૂં ?
વિસ્મરણનો ક્ષણ એક નથી અવકાશ જો,
અહર્નિશ છે અંતરમાં યાદી આપની,
સદા ઉદિત ઉર ઉજ્જ્વલ પુણ્ય પ્રકાશ જો

સાધુ ચરિત કવિ

× × × ×

પુનીત પરણા થઈ ઉતર્યા અમ આંગણે,
અલ્પ સમય કીધો મનુકૂળમા વાસ જો
શુભ ઝરણ દૈવી રસનાં વહેતા કરી,
ત્વરિત વળ્યા કરી પૂરણ આપ પ્રવાસ જો

સાધુ ચરિત

× × ×

શુષ્ક જીવન અમ રસ નિર્ભર સ્નેહે કરી,
સ્હેજે શિખવ્યો આત્મજીવનનો યોગ જો,
જે સુખના સ્વપ્ના સાથે સરખાવતાં,
અલ્પ વસે ઉર ભુવનત્રયના ભોગ જો

સાધુ ચરિત

મેઘ રૂડા આવ્યા અમ ઉર મરૂક્ષેત્રમા
ટહુકી સ્વર્ગીય મધુરા રાગ મલ્હાર જો
નવપલ્લવતા અર્પી જીવનબાગમા,
કીધા અમને ઉન્નત અધિક ઉદાર જો

સાધુ ચરિત

વ્યાપાર કર્યાને દશ વર્ષ થયા પછી તેમને લાગ્યુ કે જે હેતુથી વ્યાપાર-ધધામા પ્રયાણ કર્યું હતું તે હેતુ તેઓએ પૂર્ણ કર્યો હતો તેથી વ્યાપારીની સાથેનો સબધ નિવૃત્તવાની ઇચ્છા તેમણે જણાવી જ્ઞાન, ધનસપત્તિ, સામાજિક પદવી, કૌટુબિક સુખ (કારણ કે તેમને હયાત માતાપિતા, એક પરિણીત બધુ, ચાર પરિણીત બ્હેનો, સ્ત્રી, બે પુત્ર અને બે પુત્રીઓ હતી) પ્રાપ્ત કરી સસારનો ત્યાગ કરી સાધુ-મુનિનુ જીવન ગાળવાની તેમણે તૈયારી કરી એટલામા ૩૨ મા વર્ષની વયે તેમની શારીરિક પ્રકૃતિ નબળી પડી, અને રાજકોટ મુકામે ચૈત્રવ૦ ૫, ૧૯૫૭ (૧૯૦૧ ના એપ્રિલની ૯ મી તારીખે) તેઓએ શાતિથી દેહ વિલય કર્યો

છૂટી છવાયી કવિતા શિવાય તેમણે કેટલાક પુસ્તકો લખ્યા છે તેમની મોક્ષમાલા ક્યારની પ્રસિદ્ધિ પામી ગઇ છે આ ગ્રથ જૈનધર્મની કુચી સમાન છે આ તેમણે સત્તર વર્ષની વયે રચ્યો હતો ઉપરાત આત્મસિદ્ધિશાસ્ત્ર તથા પચાસ્તિકાય અને આત્માના વિષયપર કેટલાક નિબધો છે જૈનધર્મ તથા તેના તત્વજ્ઞાનનો મુખ્ય સિદ્ધાંત કર્મવાદ છે કર્મવાદમા તેમને અખડ શ્રદ્ધા હતી તેમણે આ કર્મવાદપર પ્રમાણો સાથે પુસ્તક લખવાનો અને ભગવાન્ મહાવીરે પ્રકાશેલા સિદ્ધાતોપર ગ્રથમાલા લખવાનો વિચાર હતો, પરતુ દુર્ભાગ્યે તેમ તેમનાથી લાબી માદગીને સબબે થઇ શક્યુ નહિ વળી તેમણે ધર્મના કેટલાક કઠિન સિદ્ધાતો પ્રતિપાદિત કર્યા હતા

શ્રીમદ્ રાયચદ્ર દરેક રીતે લાક્ષણિક ચિન્હથી અકિત પુરૂષ હતા એ દર્શાવવાને તેમની જીદગીની ઉપર દર્શાવેલી લઘુ રેખા પૂરતી છે તેમની માનસિક શક્તિઓ અદ્ભૂત રીતે ચમત્કૃતિવાળી હતી, તેમજ તેમના ચારિત્ર્યની નૈતિક ઉન્નતિ ચકિત કરાવનાર હતી સત્ય પ્રત્યે તેમનો આદર, વ્યાપારમા અત્યત ચીવટથી નૈતિક તત્વોને વળગી રહેવાનુ વર્તન, ગમે તેટલી વિડંબના છતા જે ખરૂ તેઓ માનતા તે કરવાની તેમની નિશ્ચયવૃત્તિ, અને તેમનો કર્તવ્ય સબધે ઉચ્ચ આદર્શ જેઓ તેમના સહવાસમાં આવતા તેમનામા પ્રેરણા કરી તેમને ઉન્નતિની શ્રેણિપર ચઢાવતા તેમની બાહ્યાકૃતિ ડીમાકવાળી ન

રહેતી અને સંસ્કૃત અને પ્રાકૃતના નિયમિત અભ્યાસ વગર તેઓ તે ભાષામાંના પુસ્તકો મ્હોટા પંડિતોની પેઠે યથાર્થ રીતે સમજી શકતા અને બીજાને સમજાવી શકતા

શ્રીમદ્‌ની એવી માન્યતા હતી કે ધનવાન અને સાંસારિક સારી સ્થિતિવાળો પુરૂષ સંસારનો ત્યાગ કરે તો પોતાના ચારિત્રથી સંગીન હિત કરી શકે જનસમાજ તેના શુદ્ધ હૃદય અને નિઃસ્વાર્થના સદ્‌ગુણની ખાત્રી થવાથી તેના કહેવા પ્રમાણે દોરાવામાં ઘણીજ તત્પર રહે અને તેના ઉપદેશથી લાભ મેળવતી થાય આવા વિચાર શ્રીમદ્‌ના હતા અને તેની સાથે જનસમાજ આગળ એક સાધુ અને ધાર્મિક નાયક તરીકે રજુ થવા યોગ્ય સ્થિતિમાં મુકાયા નથી એમ તેઓ માનતા હતા, અને તેથીજ ગૃહસ્થદશાએજ જીવન ગાળવાનું ચાલુ રાખ્યું હતું જ્યારે તેના આંતરિક વિચારો સંસારપ્રત્યે તદ્દન ઉદાસીન વર્તતા હતા

જ્યારે શ્રીમદ્ ૨૧ વર્ષના હતા, ત્યારે તેમણે ધંધામાં પ્રયાણ કર્યું અને ઘણા ટુંક વખતમાં એક બાહોશ ઝવેરી તરીકેની નામના મેળવી વધતા જતા વ્યાપારની ઉપાધિઓમાં પણ ધર્મ અને તત્ત્વજ્ઞાનના પોતાના નિય અભ્યાસમાં તેઓએ ખલેલ આવવા દીધી નહિ પોતાના ઉદ્યોગરત જીવનમાં ચૂપકીદીથી જ્ઞાનવૃદ્ધિ કરતા હતા તેમજ હમેશાં પુસ્તકોમાં ગુંથાયેલા રહેતા હતા વળી, વર્ષમાં કેટલાક મહિનાઓ તો પોતે મુંબઈ છોડી ચાલ્યા જતા અને પોતાની પેઢીએ કહી જતા કે જ્યાંસુધી પોતે લખે નહિ ત્યાં સુધી કોઈએ પોતાની સાથે પત્રવ્યવહાર પણ ચલાવવો નહિ ગુજરાતના વનોમાં તેઓ એકાંત વાસ ગાળતા અને ત્યાં રહી ચિંતવન અને યોગમાં દહાડા અને અઠવાડીઆઓ વ્યતીત કરતા તેઓ રખેને પોતે ઓળખાઇ જાય અથવા પોતાના સ્થળની ખબર પડી જાય તેવી ધાસ્તીથી ઘણા ગુપ્ત રહેવાનો હમેશ પ્રયાસ કરતા, છતા તેઓ વારંવાર ઓળખાઈ જતા અને લોકોની મ્હોટી સંખ્યા તેમના ઉપદેશ અને શિક્ષાવચનો શ્રવણ કરવાની જિજ્ઞાસાપૂર્વક તેમની પાછળ આવતી

સૂચી.

હતી, પરંતુ આંતરિક શાંતિ અને ગાંભીર્ય તો તેમનાજ હતા. તેમનું ધર્મો તથા તત્વજ્ઞાન સંબંધી વિશાળ અને યથાસ્થિત જ્ઞાન, તેમની સમજાવવાની અદ્ભુત શક્તિ અને ઉપદેશ કરવાની તેમની દિવ્ય પદ્ધતિ હોવાથી તેમના ઉપદેશો પૂર્ણ લક્ષપૂર્વક સાંભળવામાં આવતા હતા. ઉશ્કેરનાર સંજોગો હોય ત્યારે પણ તેમનો આત્મસંયમ એટલો બધો પૂર્ણ હતો, તેમની મધ્યસ્થ રીતે સમજાવવાની શક્તિ એટલી બધી મહાન્ હતી, અને તેમની હાજરી એટલી બધી પ્રેરણાત્મક હતી કે જેઓ તેમની સાથે વાદવિવાદ કરી તેમની ઉપર જય મેળવવાની બુદ્ધિએ આવતા તેઓ તરત તેઓથી વશ થઇને તેમની આદરપૂર્વક સ્તુતિ કરતા જતા હતા.

હિંદની વર્તમાન દશાપર શ્રીમદ્ રાજચંદ્રને ખેદ થતો અને તે દૂર કરવાને હમેશા ઇચ્છા ધરાવતા હતા. વર્તમાન સામાજિક અને રાજકીય પ્રશ્નોપરના તેમના વિચારો ઉદાર હતા.

બધા સુધારકોમાં જે સુધારક પવિત્રતમ આશયથી, અને દાંભિક વૃત્તિ વગર સુધારાનું કાર્ય કર્યો જાય છે તેમને શ્રીમદ્ ઉચ્ચતમ પંક્તિ આપતા. વર્તમાનકાળના ધર્મગુરૂઓનો દોષ એ કારણથી કાઢતા હતા કે તેઓ સ્વસંપ્રદાયના મોહથી આગ્રહી ઉપદેશ કરી મનના ફેરફાર રતું લક્ષ રાખતા નથી. પોતાને પ્રભુના અવતાર તરીકે કહેવડાવવાની ઇચ્છાથી પોતાનું ખરૂં કર્તવ્ય વારવાર ભૂલી જાય છે અને જે શક્તિ પોતાનામાં ન હોય છતા તેનો દાવો કરવાનો ગર્વ રાખે છે. તેના પાછલા વર્ષોમાં એ તો સ્પષ્ટ જણાતું હતું કે શ્રીમદ્ પોતાના જીવનનો સંદેશ ધર્મોપદેષ્ટા તરીકે આપવાની તૈયારી કરતા હતા. પરંતુ દુર્ભાગ્યે મરણે વચમાં પડી તે સંદેશ પૂર્ણ થતા અટકાવ્યો છે. છતાં મુંબઇ ઇલાકાના જૈનોમાં એક નવીન જીવન ઉપજાવવામાં શ્રીમદ્ વિજય પામ્યા છે. સાધારણ રીતે એવું મનાય છે કે જો તેઓ વધુ વખત જીવ્યા હત તો હાલના જૈનધર્મની સંપૂર્ણ દર્શનક્રાંતિ કરી હત અને મહાન્ મહાવીરે જે વાસ્તવિક ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ લોકોને શિખવ્યો હત. જૈન ધર્મના અનેક ગચ્છભેદો કાઢી નાખી ભગવાન્ મહાવીરે સ્થાપેલો એક સામાન્ય ધર્મ સ્થાપવાનો તેઓનો વિચાર હતો.—**પાયોનિયર.**

રાજપદ્ય.



૧

યથારથ પ્રમગરગ ભરવા,
કોડે કરું કામના,
બોધું ધર્મદ મર્મ ભર્મ હરવા,
છે અન્યથા કામના.

ભાખું મોક્ષ સુબોધ ધર્મધનના,
જોડે કહું કામના,
એમાં તત્વવિચાર સત્ય સુખદા,
પ્રેરો પ્રભુ કામના

૧૬ મા વર્ષે
વવાણીઆ

૨

નાભીનદન નાથ
વિશ્વવદન વિજ્ઞાની,
ભવબધનના ફદ,
    કરણ ખડન સુખદાની

ગ્રથ પથ આદ્યત,
ખત પ્રેરક ભગવતા
અખડીત અરિહત,
    તતહારક જયવતા

શ્રી ભરણહરણ તારણતરણ
વિશ્વોદ્ધારણ અધ હરે
તે ઋષભદેવ પરમેશ પદ
    રાયચદ વદન કરે

૧૬ મા વર્ષે
વવાણીઆ

આંગત.

પ્રથમ આત્મસિદ્ધિ થવા,
  કરીએ જ્ઞાનવિચાર,
અનુભવી ગુરૂને સેવીએ,
  બુધજનનો નિર્ધાર.

ક્ષણ ક્ષણ જે અસ્થિરતા,
  અને વિભાવિક મોહ,
તે જેનામાંથી ગયા,
  તે અનુભવી ગુરૂ જોય

બાહ્ય તેમ અભ્યંતરે,
  ગ્રંથ ગ્રંથિ નહીં હોય
પરમ પુરૂષ તેને કહો,
  સરળ દ્રષ્ટિથી જોય.

બાહ્ય પરિગ્રહ ગ્રંથિ છે,
  અભ્યંતર મિથ્યાત્વ,
સ્વભાવથી પ્રતિકૂળતા—

૨૧ મા વર્ષે
  મુમ્બઈ

૫

લઘુ વયથી અદ્ભુત થયો,
તત્ત્વજ્ઞાનનો બોધ,
એ જ સૂચવે એમ કે,
ગતિ અગતિ કાં શોધ?

જે સરકાર થવો ઘટે,
અતિ અભ્યાસે કાય,
વિના પરિશ્રમ તે થયો,
ભવશંકા શી ત્યાય?

જેમ જેમ મતિઅલ્પતા,
અને મોહ ઉદ્યોત,
તેમ તેમ ભવશંકના,
અપાત્ર અંતર જ્યોત

કરી કલ્પના દૃઢ કરે,
નાના નાસ્તિ-વિચાર,
પણ 'અસ્તિ' તે સૂચવે,
એ જ ખરો નિર્ધાર

આ ભવ વણુ ભવ છે નહીં,
એ જ તર્ક અનુકૂળ,
વિચારતા પામી ગયા,
આત્મધર્મનુ મૂળ

૨૨ મા વર્ષે
મુબઈ

૪

મોહનિભાવ વિચાર અધિન થઈ,
ના નિરખું નયને પરનારી
પથ્થરતુલ્ય ગણું પરવૈભવ,
  નિર્મળ તાત્ત્વિક લોભ સમારી ।

દ્વાદશવ્રત અને દીનતા ધરી,
સાત્વિક થાઉં સ્વરૂપ વિચારી
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક,
  નિત્ય અખંડ રહો ભવહારી

તે ત્રિશલાતનયે મન ચિંતવી
જ્ઞાન, વિવેક, વિચાર વધારૂં
નિત્ય વિશોધ કરી નવ તત્ત્વનો
  ઉત્તમ બોધ અનેક ઉચ્ચારૂં

સંશયબીજ ઉગે નહીં અંદર,
જે જિનના કથનો અવધારૂં
રાજ્ય સદા મુજ એજ મનોરથ,
  ધાર, થશે અપવર્ગ, ઉચ્ચારૂં

નથી ધર્યો દેહ વિષય વધારવા
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા

૧૭ મા વર્ષે
વવાણીઆ

૭

હોત આસવા પરિસવા,
નહિ ઇનમેં સંદેહ,
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ, ગયે ગત એહિ

રચના જિનઉપદેશકી,
પરમોત્તમ તિનુ કાલ,
ઇનમેં સબ મત રહત હૈં, કરતેં નિજ સંભાલ

જિન સોહી હૈ આતમા,
અન્ય હોઈ સો કર્મ,
કર્મ કટે જિનબચનસો, તત્વગ્યાનિકો મર્મ

જબ જાન્યો નિજરૂપકો,
તબ જાન્યો સબ લોક,
હોત ન્યૂનસે ન્યનતા,

યહિ દિશાકી મૂઢતા, હૈ નહિ જિનપે ભાવ,
જિનસે ભાવ બિનુ કબૂ,
નહિ છૂટત દુખદાવ

વ્યવહારસે દેવ જિન, નિહચેસે હૈ આપ,
યહિ બચનસે સમજ લે,
જિનપ્રવચનકી છાપ,

યહિ નહીં હૈ કલ્પના, ચેહી નહીં વિભંગ,
જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ

૨૩ મા વર્ષે
મુમ્બઈ

૬

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સદેહ
હોતા સો તો જલ ગયા,
ભિન્ન કિયા નિજ દેહ

સમજ પિછે સબ સરલ હૈ,
બિન સમજ મુશકીલ,
યે મુશકીલી ક્યા કહું ?

ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય,
યેહિ બ્રહ્માંડિ વાસના,
જબ જાવે તબ

આપ આપકું ભુલ ગયા, ઇનસે ક્યા અંધેર,
સમર સમર અબ હસત હૈ,
નહિ ભૂલેંગે ફેર

જહા કલપના જલપના, તહાં માનું દુ ખ છાંઈ,
મિટે કલપના જલપના,
તબ વસ્તુ તિન પાઈ

ક્યા ઇચ્છત ? ખોવત સબે, હૈ ઇચ્છા દુ:ખમૂલ
જબ ઇચ્છાકા નાશ તબ,
મિટે અનાદી ભૂલ

ઐંસી કહાસે મતિ ભઈ, આપ આપ હૈ નાહિ
આપનકું જબ ભૂલ ગયે,
અવર કહાંસે લાઈ

આપ આપ એ શોધસેં,
આપ આપ મિલ જાય
આપ મિલન નય બાપકો,

૨૩ મા વર્ષે
મુમ્બઈ

દર્શનમોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્ત્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો
અપૂર્વ અવસર૦

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્ત્તે દેહપર્યંત જો,
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો
અપૂર્વ અવસર૦

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો,
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમા,
અંતે થાયે નિજસ્વરૂપમા લીન જો
અપૂર્વ અવસર૦

પંચ વિષયમા રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો,
દ્રવ્ય, ક્ષેત્રને કાળ ભાવ પ્રતિબંધવણ,
વિચરવુ ઉદયાધીન પણ વીત લોભ જો
અપૂર્વ અવસર૦

ક્રોધ પ્રત્યે તો વર્ત્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો,
માયાપ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભપ્રત્યે નહીં લોભ સમાન જો
અપૂર્વ અવસર૦

૮

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધ તિક્ષ્ણ છેદીને
વિચરીશું કવ મહત્પુરૂષને પંથ જો?
અપૂર્વ અવસર૦

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો
અપૂર્વ અવસર૦

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો
અપૂર્વ અવસર૦

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહગુણસ્થાન જો,
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાન જો
અપૂર્વ અવસર૦

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજતણો આત્યંતિક નાશ જો,
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો
અપૂર્વ અવસર૦

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો,
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ્ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો
અપૂર્વ અવસર૦

મન વચન કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગળ સંબંધ જો,
એવું અયોગિ ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો
અપૂર્વ૦

બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વદે ચક્રિ તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમા,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો
અપૂર્વ અવસર૦

નગ્નભાવ, મુડભાવ સહ અસ્નાનતા,
અદત ધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો,
કેશ, રોમ, નખ, કે અગે શૃગાર નહીં,
દ્રવ્યભાવ સયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો
અપૂર્વ અવસર૦

શત્રુ મિત્રપ્રત્યે વર્ત્તે સમદર્શિતા,
માન અમાને વર્ત્તે તેજ સ્વભાવ જો
જીવિત, કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્ત્તે સમભાવ જો
અપૂર્વ અવસર૦

એકાકી વિચરતો વળી સ્મશાનમા,
વળી પર્વતમાં વાઘ સિહ સયોગ જો,
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો
અપૂર્વ અવસર૦

ઘોર તપશ્ચર્યામા પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં, મનને પ્રસન્નભાવ જો
રજકણ કે રિદ્ધિ વૈમાનિકદેવની,
સર્વે મા યા પુદ્ગલ એક સ્વભાવ જો
અપૂર્વ અવસર૦

૯

ધન્ય રે દિવસ આ અહો,
જાગી રે શાંતિ અપૂર્વ રે,
દશ વર્ષે રે ધારા ઉલસી,
મટયો ઉદયકર્મનો ગર્વ રે
ધન્ય રે દિવસ આ અહો

ઓગણીસે ને એકત્રીસે,
આવ્યો અપૂર્વ અનુસાર રે,
ઓગણીસે ને બેતાલીસે,
અદ્‌ભુત વૈરાગ્યધાર રે
ધન્ય રે દિવસ આ અહો

ઓગણીસે ને સુડતાલીસે,
સમકીત શુદ્ધ પ્રકાશ્યું રે,
શ્રુત અનુભવ વધતી દશા,
નિજ સ્વરૂપ અવભાસ્યું રે
ધન્ય રે દિવસ આ અહો

ત્યાં આવ્યો રે ઉદય કારમો,
પરિગ્રહ કાર્ય પ્રપંચ રે,
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે ન ઘટે ?
ધન્ય રે દિવસ

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણકલંકરહિત અડોલ સ્વરૂપ જો,
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુ લઘુ અમૂર્ત સહજપદરૂપ જો
અપૂર્વ અવસર૦

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,
સાદિ અનત અનત સમાધિ સુખમા,
અનત દર્શન, જ્ઞાન, અનતસહિત જો
અપૂર્વ અવસર૦

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમા,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન્
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શુ કહે
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો
અપૂર્વ અવસર૦

એહ પરમપદપ્રાપ્તિનુ કર્યું ધ્યાન મે,
ગજા વગરને હાલ મનોરથરૂપ જો
તોપણ નિશ્ચય રાજ્યચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશુ તેજ સ્વરૂપ જો
અપૂર્વ અવસર૦

૨૯મા વર્ષે:
વવાણીઆ

અવધાનમા.

૧૦

ધર્મવિના ધન ધામ, ધાન્ય ધૂળધાણી ધારો,
  ધર્મવિના ધરણીમાં, ધિક્કતા ધરાય છે

ધર્મવિના ધીમતની, ધારણાઓ ધોખો ધરે
  ધર્મવિના ધર્યું ધૈર્ય, ધુમ થૈ ધમાય છે

ધર્મવિના ધરાધર, ધુતારી ન ધામધુમે,
  ધર્મવિના ધ્યાની ધ્યાન, ઢોંગ ઢંગે ધાય છે,

ધારો ધારો ધવળ, સુધર્મની ધુરધરતા,
  ધન્ય ધન્ય ધામે ધામે, ધર્મથી ધરાય છે

એમ સુચવે કાકેગે,
  દિલ ખોલીને દેખ,
  મનખા ફેગ મુજસમા,
વિના ધર્મથી લેખ

સંસારમાં મન અરે ! કયમ મોહ પામે ?
  વૈરાગ્યમા ઝટ પડયે, ગતિ એ જ જામે,

માયા અરે !   [illegible] આપ આની,
  "આમાશ   [illegible]ણા વધારી,"

સોળ અને સત્તર વર્ષની મધ્યમાં શ્રીમદ્ રાજચંદ્રની અવધાન અવસ્થાનો પ્રારંભ થાય છે પ્રથમ 'અષ્ટાવધાન,' પછી અનુક્રમે 'બાર,' 'સોળ' 'બાવન' અને છેવટે 'શતાવધાન' પર્યંત સ્થિતિ કરી, એકવીશમા વર્ષે અવધાન કરવાનું સર્વથા બંધ કર્યું

અવધાનની આ પ્રક્રિયાઓ પ્રત્યે દૃષ્ટિ રાખી, પરસ્પર વિરુદ્ધ પ્રસંગોનો અવિરુદ્ધ સંબંધ દર્શક પાદપૂર્તિ કરતા કે 'કાંકરી' 'પિચકારી' જેવા નિર્જીવ વિષયો પર શીઘ્રકાવ્યરચના કરતા પણ વૃત્તિલક્ષ્ય, 'ધર્મ' અને 'વૈરાગ્ય' પ્રતિ સ્થિર થયેલ કાવ્યયોજના દર્શાવે છે

ઉપશમ

૧૧

શાંતિકે સાગર અરૂ, નીતિકે નાગર નેક
દયાકે આગર જ્ઞાન, ધ્યાનકે નિધાન હો
શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી, મુખમાનિ પૂર્ણ પ્યારી,
સમનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો
રાગદ્વેષસે રહિત, પરમ પુનીત નિત્ય,
ગુનસે ખચિત ચિત્ત, સજ્જન સમાન હો
રાયચંદ્ર ધૈર્ય પાગ, ધર્મલાલ ક્રોધમલ
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો —

માયા, માન, મનોજ મોહ, મમતા, મિથ્યાત્ મોડી મુનિ,
ધોરી ધર્મ ધરેલ ધ્યાન ધરથી,
ધારેલ ધૈર્ય ધુની
છે સંતોષ સુશીલ સૌમ્ય સમતા, ને શીયળે ચડના,
નીતિ રાય દયા, ક્ષમાધર મુનિ,
કોણ કરૂં વંદના

જ્ઞાની કે અજ્ઞાનીજન, સુખ દુ:ખરહિત ન કોય,
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય
જન્મ જરા ને મૃત્યુ,
મુખ્ય દુ:ખના હેતુ
કારણ તેના બે કહ્યા,
રાગદ્વેષ અણુહેતુ

૧૫ મા વર્ષે
મોરબી

મોતીતણી માળા ગળામા, મૂલ્યવતી મલકતી,
હીરાતણા શુભ હારથી, બહુ કદકાંતિ ઝળકતી

આભૂષણોથી ઓપતા,
ભાગ્યા મરણને જોઇને,
જન જાણીએ મન માનીએ,
નવ કાળ મૂકે કોઇને

મણિમય મુગટ માથે ધરીને, કર્ણ કુંડળ નાખતા,
કાચન કડા કરમા ધરી, કશીએ કચાશ ન રાખતા

પળમા પડયા પૃથ્વીપતિ એ,
ભાન ભૂતળ ખોઇને,
જન જાણીએ મન માનીએ,
નવ કાળ મૂકે કોઇને

દશ આગળીમા માગળિક મુદ્રા જડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પે'રતા, પોચી કળા બારીકથી,

એ વેઢ વીંટી સર્વ છોડી,
ચાલિયા મુખ ધોઇને,
જન જાણીએ મન માનીએ,
નવ કાળ

મુછ વાકડી કરી ફાંકડા થઇ, નીંચુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા, દર કોઇના હૈયાં હરે

એ સાકડીમા આવિયા,
છટક્યા તજી સહુ સોઇને,
જન જાણીંએ મન માનીંએ,
નવ કાળ મૂકે કોઇને

છ ખડના અધિરાજ જે, ચડે કરીને નીપજ્યા,
બ્રહ્માડમા બળવાન થઇને, ભૂપ ભારે ઊપજ્યા

એ ચતુર ચક્રી ચાલિયા,
હોતા નહોતા હોઇને,
જન જાણીંએ મન માનીંએ,
નવ કાળ મૂકે કોઇને

જે રાજનીતિનિપુણતામા ન્યાયવતા નીવડ્યા,
અવળા કય જેના બધા સવળા સદા પાસા પડ્યા

એ ભાગ્યશાળી ભાગિયા તે,
ખટપટો સૌ ખોઇને,
જન જાણીંએ મન માનીંએ,
નવ કાળ મૂકે કોઇને

તરવારબહાદુર ટેકધારી, પૂર્ણતામા પેખિયા,
હાથી હણે હાથે કરી એ કેશરીસમ દેખિયા,

એવા ભલા ભડવીર તે,
અતે રહેલા રોઇને,
જન જાણીંએ મન માનીંએ,
નવ કાળ મૂકે કોઇને

૧૫ મા વર્ષે
વવાણીઆ

૧૪

ઝગ ઝગ જ્યોતિસ્વરૂપ તું,
કેવળ કૃપાનિધાન,
પ્રેમ પુનિત તુજ પ્રેરજે,
ભય ભંજન ભગવાન.

નિત્ય નિરંજન નિત્ય હો,
ગંજન મદ ગુમાન,
અભિનંદન અભિનંદના,
ભય ભંજન ભગવાન

ધર્મ ધારણ તારણ તરણ,
શરણ ચરણ સન્માન,
વિઘ્નહરણ પાવન કરણ
ભય ભંજન ભગવાન.

ભદ્ર ભરણ ભીતિ હરણ,
સુધા ઝરણ શુભવાન,
ક્લેશ હરણ ચિંતા ચૂરણ,
ભય ભંજન ભગવાન

અવિનાશી અરિહંત તું,
એક અખંડ અમાન,
અજર અમર અણુજન્મ તું,
ભય ભંજન ભગવાન

પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો,
સુરસ વિનાની, જેવી, કવિતા કહાય છે

સંગીત વિહીન જેવી, સરીતાની શોભા અને,
ભર્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે

વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યો વિના,
માનવી મહાન તેમ, કુકર્મી કળાય છે

ચાતુરે ચોપેથી ચાહી, ચિંતામણી ચિત્ત ગણે
પંડિતો પ્રમાણે છે, પારસમણી પ્રેમથી

કવિયો કલ્યાણકારી, કલ્પતરૂ કથે જેને
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી

આત્મના ઉદ્ધારને, ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી

વદે રાયચંદ વીર, એવું ધર્મરૂપ જાણી,
ધર્મવૃત્તિ ધ્યાન ધરજે, વિલખો ન વેગથી

૧૫ મા વર્ષે
વવાણીઆ

૨૪

જય જય જ્યોતિસ્વરૂપ તું,
કેવળ કૃપાનિધાન,
પ્રેમ પુનિત પૂજા પ્રેરજે,
જય જગજીવન ભગવાન.

નિત્ય નિરંજન નિત્ય છો,
મંગલ મધુર સુધા,
અભિવંદન અભિવંદના,
જય જગજીવન ભગવાન

ધર્મ ધારણ તારણ તરણ,
શરણ સ્મરણ સન્માન,
વિઘ્નહરણ પાવન કરણ
જય જગજીવન ભગવાન

ભક્ત કરુણ પ્રીતિ [illegible],
શુદ્ધ [illegible] ગુણગાન
કોટિ વંદન નિત્ય [illegible],
જય જગજીવન ભગવાન

અવિનાશી અદ્ભુત તું,
એક અખંડ અચળ
અનાદિ અનંત
જય જગજીવન

આનંદી અપવર્ગી તું,
અકળ ગતી અનુમાન,
આશિષ અનુકૂળ આપજે,
ભય ભંજન ભગવાન

નિરાકાર નિર્લેપ છે,
નિર્મળ નીતિ નિધાન
નિર્મોહક નારાયણા,
ભય ભંજન ભગવાન

સચરાચર સ્વયંભૂ પ્રભૂ,
સુખદ સોપજે સાન,
સૃષ્ટિનાથ સર્વેશ્વરા,
ભય ભંજન ભગવાન

સંકટ શોક સકળ હરણ
નૌતમ જ્ઞાન નિદાન
ઇચ્છા વિકળ અચળ કરો,
ભય ભંજન ભગવાન

આધિ વ્યાધિ ઉપાધિને,
હરો તત તોફાન
કરૂણાળુ કરૂણા કરો,
ભય ભંજન ભગવાન

કિંકરની કંકર મતિ,
ભૂલ ભયંકર ભાન
શંકર તે સ્નેહે હરો,
ભય ભંજન ભગવાન

ભક્તિ વિભુને આપજો,
ભક્તિ મુક્તિનું દાન,
દુઃખ મુક્તિ ભક્તિ છે,
ભજ ભજન ભગવાન.

નીતિ પ્રીતિ નમ્રતા,
ભલી ભક્તિનું ભાન,
આર્ય પ્રજાને આપજો,
ભજ ભજન ભગવાન.

દયા દાનિ ઔદાર્યતા,
ધર્મ મર્મ મન ધ્યાન,
સુખ શાંત વધુ દ્યો દે,
ભજ ભજન ભગવાન.

દો આરામ આરોગ્યતા,
દો બળ ને સજ્ઞાન,
દો અમને આનંદ તણી,
ભજ ભજન ભગવાન.

વંદન વિભુને અમારું,
હે સુખ દુઃખ સમાન,
આ અવનીનું કર ભલું,
ભજ ભજન ભગવાન.

વિનય વિનતિ ગાયની,
ધરે કૃષ્ણથી ધ્યાન;
શાન્ત કરો સંસારને,
ભજ ભજન ભગવાન

[illegible]
[illegible]

૧૫

વિદ્યુતલક્ષ્મી પ્રભુતાપતગ,
આયુષ્ય તે તો જળના તરગ,
પુરદરી ચાપ અનગ રગ,
શુ રાચીએ ત્યા ક્ષણનો પ્રસગ !

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી
અનાથ એકાત સનાથ થાશે,
એના વિના કોઇ ન બાહ્ય સ્હાશે

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય
તે કોઈ અ યે લઇ ના શકાય
એ ભોગવે એક સ્વ આત્મ પોતે,
એકત્વ એથી નય સુજ્ઞ ગોતે

ના મારા તન રૂપ કાંતિ યુવતિ,
ના પુત્ર કે ભ્રાત ના,
ના મારા ભૃત સ્નેહિયો સ્વજન કે,
ના ગોત્ર કે જ્ઞાત ના

ના મારાં ધન ધામ યૌવન ધરા,
એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમજ સદા,
અન્યત્વદા ભાવના

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

અનંત [illegible] નામ દુઃખ, [illegible] ।
અનંત દુઃખ નામ [illegible], પ્રેમ [illegible] ॥
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ધન, [illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]

હું [illegible] છું ! હું [illegible]
અને [illegible] છું !

કે [illegible]
[illegible]

હું [illegible]
[illegible] છું !

આકાશમાં [illegible]
અને હું [illegible]

૧

નિરાગી પરમાત્મા! હવે હું તમારું,
તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું.

મારા અપરાધ ક્ષય થઈ
હું તે સર્વ પાપથી મુક્ત થઉં,
એ મારી અભિલાષા છે.

આગળ કરેલાં પાપોનો હું હવે
પશ્ચાત્તાપ કરું છું.

જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું,
તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો
મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ,
સહજાનંદી, અનંતજ્ઞાની,
અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો.

હું માત્ર મારાં હિતને અર્થે
તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું.

એક પળ પણ તમારાં કહેલાં
તત્ત્વની શંકા ન થાય;
તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું;
એજ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ.

હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું!
તમારાથી કાંઈ અજાણ્યું નથી.
માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય
પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાંતિ: શાંતિ શાંતિ

૧૭ મા વર્ષે
વવાણીઆ:

૧૮

હતી દીનતાઇ ત્યારે તાકી પટેલાઇ અને,
મળી પટેલાઇ ત્યારે તાકી છે શેઠાઇને,
સાંપડી શેઠાઇ ત્યારે તાકી મંત્રિતાઇ અને,
  આવી મંત્રિતાઈ ત્યારે તાકી નૃપતાઇને
મળી નૃપતાઇ ત્યારે તાકી દેવતાઇ અને,
દીઠી દેવતાઇ ત્યારે તાકી શંકરાઇને,
અહો ! રાજચંદ્ર માનો માનો શંકરાઇ મળી (!)
  વધે તૃષ્ણાઇ તોય જાય ન મરાઇને

કરોચલી પડી દાઢી ડાચાતણો દાટ વળ્યો,
કાળી કેશપટી વિષે શ્વેતતા છવાઇ ગઈ,
સૂંઘવું સાંભળવું ને દેખવું તે માંડી વાળ્યું,
  તેમ દંત-આવલી તે, ખરી, કે ખવાઇ ગઈ,
વળી કેડ વાંકી હાડ ગયા અંગરંગ ગયો,
ઉઠવાની આય જતા લાકડી લેવાઈ ગઈ,
અરે ! રાજચંદ્ર એમ, યુવાની હરાઇ પણ,
  મનથી ન તોય રાં',

કરોડોના કરજના, શીર પર ડંકા વાગે,
રોગથી રૂંધાઇ ગયું, શરીર સૂકાઇને,
પુરપતિ પણ માથે, પીડવાને તાકી રહ્યો,
 પેટ તણી વેઠ પણ, શકે ન પુરાઇને,
પિતૃ અને પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્ર, પુત્રી ભાખે ખાઉં ખાઉં દુઃખદાઇને,
અરે! રાજચંદ્ર તોય જીવ ઝાવા દાવા કરે,
 જંજાળ છંડાય નહીં તજી જીવ તૃષ્ણાઇને

થઇ ક્ષીણ નાડી અવાચક જેવો રહ્યો પડી,
જીવન દીપક પામ્યો કેવળ ઝંખાઇને,
છેલી ઇસે પડયો ભાળી ભાઇએ ત્યાં એમ ભાખ્યું,
 હવે ટાઢી માટી થાય તો તો ઠીક ભાઇને
હાથને હલાવી ત્યાં તો ખીજી બુઢ્ઢે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેશ બાળ તારી ચતુરાઇને!
અરે! રાજચંદ્ર દેખો દેખો આશાપાશ કેવો!
 જતાં ગઈ નહીં ડોસે મમતા મરાઇને!

૧૭ મા વ.
વવાણીઆ

ભક્તિ.

૧૮

મંત્ર તંત્ર ઔષધ નહીં,
જેથી પાપ પલાય,
વીતરાગ વાણી વિના,
અવર ન કોઈ ઉપાય

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે,

સકળ જગત્ હિતકારિણી મોહ હારિણી,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે

ઉપમા આપ્યાની જેને, તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મે માની છે,

અહો ! રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે !

વચનામૃત વીતરાગના,
પરમશાંત રસ મૂળ
ઔષધ જે ભવ રોગનાં,
કાયરને પ્રતિકૂળ

મા વર્ષે
વાણીઆ

૨૧

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું,
દીનાનાથ દયાળ
 હું તો દોષ અનંતનું,
 ભાજન છું કરુણાળ

શુદ્ધ ભાવ મુજમાં નથી,
નથી સર્વ તુજ રૂપ
 નથી લઘુતા કે દીનતા,
 શું કહું પરમ સ્વરૂપ?

નથી આજ્ઞા ગુરુદેવની
અચળ કરી ઉરમાંહિ
 આપતણો વિશ્વાસ દૃઢ,
 ને પરમાદર નાહિ

જોગ નથી સત્સંગનો,
નથી સત્ સેવા જોગ,
કેવળ અર્પણતા નથી,
નથી આશ્રય અનુયોગ

'હું પામર શું કરી શકું',
એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી,
મરણ સુધીની છેક

અચિંત્ય તુજ મહાત્મનો,
નથી પ્રફુલિત ભાન,
અંશ ન એકે સ્નેહનો,
ન મળે પરમ પ્રભાવ

અચળરૂપ આસક્તિ નહિ,
નહિ વિરહનો તાપ,
કથા અલભ્ય તુજ પ્રેમની,
નહિ તેનો પરિતાપ

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ,
નહિ ભજન દૃઢ ભાન
સમજ નહિ નિજધર્મની,
નહિ શુભ દેશે સ્થાન

કાળદોષ કળિથી થયો,
નહિ મર્યાદા ધર્મ,
  તોય નહિ વ્યાકુળતા,
  જુઓ પ્રભુ મુજ કર્મ

સેવાને પ્રતિકુળ જે,
તે બંધન નથી ત્યાગ,
  દેહેંદ્રિય માને નહિ,
  કરે બાહ્ય પર રાગ

તુજ વિયોગ સ્ફુરતો નથી,
વચન નયન યમ નાહિ,
  નહિ ઉદાસ અનભક્તથી,
  તેમ ગૃહાદિક માંહી

અહંભાવથી રહિત નહિ,
સ્વધર્મ સંચય નાહિ,
  નથી નિવૃતિ નિર્મળપણે,
  અન્ય ધર્મની કાંઈ

એમ અનંત પ્રકારથી,
સાધન રહિત હુંય
  નહીં એક સદ્દગુણ પણ,
  મુખ બતાવું શુંય ?

કેવળ કરૂણા–મૂર્તિ છો,
દીનબંધુ દીનનાથ,
પાપી પરમ અનાથ છુ,
ગ્રહો પ્રભુજી હાથ.

અનંત કાળથી આથડ્યો,
વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુસંતને,
મૂક્યુ નહિ અભિમાન

સંત ચરણ આશ્રય વિના,
સાધન કર્યા અનેક,
પાર ન તેથી પામિયો,
ઉગ્યો ન અંશ વિવેક

બહુ સાધન બંધન થયા,
રહ્યો ન કોઈ ઉપાય,
સતસાધન સમજ્યો નહિ,
ત્યા બંધન શુ જાય

પ્રભુ, પ્રભુ લય લાગી નહિ,
પડ્યો ન સદ્‌ગુરૂ પાય,
દીઠા નહિ નિજ દોષ તો,
તરિયે કોણ ઉપાય ?

અધમાધમ અધિકો પતિત,
સકળ જગતમાં હુંય,
એ નિશ્ચય આવ્યા વિના,
સાધન કરશે શુંય?

પડી પડી તુજ પદપંકજે,
ફરિ ફરિ માગું એજ,
સદ્ગુરુ સંત, સ્વરૂપ તુજ,
એ દઢતા કરિ દેજ

ભાદરવા સુદ ૮, ૧૯૪૭
૨૪ મા વર્ષે
રાળજ

અબ ક્યોં ન બિચારત હે મનસે,
કછુ ઔર રહા ઉન સાધનસે ?
બિન સદ્ગુરૂ કોય ન ભેદ લહે,
મુખ આગલ હે કહ બાત કહે ?

કરૂના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરૂ ગમકી
પલમે પ્રગટે મુખ આગલસે,
જબ સદ્ગુરૂચર્ન સુપ્રેમ વસે

તનસે, મનસે, ધનસે સબસે,
ગુરૂદેવકિ આન સ્વઆત્મ વસે
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો

વહ સત્ય <u>સુધા</u> દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દ્રગસે મિલહે
રસદેવ નિરંજનકો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જીવહી

પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે,
સબ આગમ ભેદસુ ઉર બસે
વહ કેવલકો બિજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઇ દિયે

૧૯૪૭ ભાદરવા સુદ ૮,
૨૪ મા વર્ષે
રાળજ

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો, 'તેહ' જેણે અનુભવ્યું,
રે! આત્મ તારો! આત્મા તારો!, શીઘ્ર એને ઓળખો
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો,
આ વચનને હૃદયે લખો.

૧૭ મા વર્ષે
વવાણીઆ

૨૩

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો
તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભય કર ભાવમરણે, કાં અહો રાચી રહો?

લક્ષ્મી અને અધિકાર વધતા શુ વધ્યુ તે તો કહો?
શુ કુટુબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો
વધવાપણું સ સારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો! એક પળ તમને હવો!!!

નિર્દોષ સુખ નિર્દોષ આન દ, લ્યો ગમે ત્યાંથી ભલે
એ દિવ્ય શક્તિમાન જેથી, જ જિરેથી નીકળે!!
પર વસ્તુમા નહિ મુઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાત કે, પશ્ચાત્ દુ:ખ તે સુખ નહિ

પુષ્પપાખડી જ્યા દૂભાય,
જિનવરની ત્યા નહીં આજ્ઞાય
સર્વ જીવનુ ઇચ્છો સુખ,
મહાવીરની શિક્ષા મુખ

સર્વ દર્શને એ ઉપદેશ,
એ એકાતે નહીં વિશેપ,
સર્વ પ્રકારે જિનનો બોધ,
દયા દયા નિર્મળ અવિરોધ !

એ ભવતારક સુંદર રાહ,
ધરિયે તરિયે કરી ઉત્સાહ,
ધર્મ સકળનુ એ શુભ મળ,
એ વણ ધર્મ સદા પ્રતિકૂળ

તત્વરૂપથી એ ઓળખે,
તે જન પ્હોચે શાશ્વત સુખે,
શાતિનાથ ભગવાન પ્રસિદ્ધ,
રાજચદ્ર કરુણાએ સિદ્ધ

૧૭ મા વર્ષે
વવાણીઆ

૨૪

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને,
તો સંભળાવું સ્નેહે તને,
જે સિદ્ધાંત સકળનો સાર,
સર્વ માન્ય સહુને હિતકાર

ભાખ્યું ભાષણમાં ભગવાન,
ધર્મ ન બીજો દયા સમાન
અભયદાન સાથે સંતોષ,
દ્યો પ્રાણીને, દળવા દોષ

સત્ય શિયળને સઘળાં દાન,
દયા હોઈને રહ્યાં પ્રમાણ
દયા નહીં તો એ નહીં એક,
વિના સૂર્ય કિરણ નહીં દેખ

પુષ્પપાંખડી જ્યા દુભાય,
જિનવરની ત્યા નહીં આજ્ઞાય,
સર્વ જીવનુ ઇચ્છો સુખ,
મહાવીરની શિક્ષા મુખ

સર્વ દર્શને એ ઉપદેશ,
એ એકાતે નહીં વિશેષ,
સર્વ પ્રકારે જિનનો બોધ,
દયા દયા નિર્મળ અવિરોધ !

એ ભવતારક સુંદર રાહ,
ધરિયે તરિયે કરી ઉત્સાહ,
ધર્મ સકળનુ એ શુભ મૂળ,
એ વણ ધર્મ સદા પ્રતિકૂળ

તત્ત્વરૂપથી એ ઓળખે,
તે જન પ્હોચે શાશ્વત સુખે,
શાતિનાથ ભગવાન પ્રસિદ્ધ,
રાજચદ્ર કરુણાએ સિદ્ધ

૧૭ મા વર્ષે
વવાણીઆ

૨૫

નિરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન

આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ
એ ત્યાગી, ત્યાગ્યું બધું કેવળ શોક સ્વરૂપ

એક વિષયને જીતતા, જીત્યો સૌ સંસાર
નૃપતિ જીતતા જીતિયે, દળ, પુર ને અધિકાર.

વિષયરૂપ અંકુરથી ટળે જ્ઞાન ને ધ્યાન
લેશ મદિરાપાનથી છાકે જ્યમ અજ્ઞાન

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઇ

સુંદર શીયળ સુરતરૂ મન વાણી ને દેહ
જે નરનારી સેવશે અનુપમ ફળ લે તેહ

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન,
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન

૧૭મા વર્ષ
વવાણીઆ

विज्ञान

૨૬

લોક પુછે મંત્રાને કહો,
એનો ભેદ તમે કંઈ લહો?
એનું કારણ ભ્રમ ત્યાં કાંઈ,
કે સમજાવ્યાની ચતુરાઈ

શરીર પરથી એ ઉપદેશ,
જ્ઞાન, દર્શન કે ઉદ્દેશ,
જેમ જણાવો, સુણિયે તેમ,
કાં તો લઈએ દઈએ ક્ષેમ

શું કરવાથી પોતે સુખી,
શું કરવાથી પોતે દુખી
પોતે શું? ક્યાંથી છે આપ,
એનો માગો શીઘ્ર જવાપ

૨૭

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્ય તો સ્વભાવ ભિન્ન,
સુપ્રતિતપણે બન્ને જેને સમજાય છે

સ્વરૂપ ચેતન નિજ જડ છે સબધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાય છે

એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે

કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પથ ભવ અન્તનો ઉપાય છે

દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ તેથી તેમ પણ થાય છે

જીવની ઉત્પત્તિ અને રોગ શોક દુ ખ મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમા જણાય છે

એવો જે અનાદિ એક રૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીના વચન વડે દુર થઈ જાય છે

ભાસે જડ ચૈતન્યના પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે

૨૨ મા વર્ષે
વવાણીઆ

બંધયુક્ત જીવ કર્મ સહિત,
પુદ્ગળરચના કર્મ ખચિત
  પુદ્ગળજ્ઞાન પ્રથમ લે જાણ,
  નર દેહે પછી પામે ધ્યાન

જો કે પુદ્ગળનો એ દેહ,
તોપણ ઓર સ્થિતિ ત્યાં છેહ,
  સમજણ બીજી પછી કહીશ,
  જ્યારે ચિત્તે સ્થિર થઈશ

જહાં રાગ અને વળી દ્વેષ,
તહાં સર્વદા માનો ક્લેશ,
  ઉદાસીનતાનો જ્યાં વાસ,
  સકળ દુઃખનો છે ત્યાં નાશ

સર્વ કાળનું છે ત્યાં જ્ઞાન
દેહ છતાં ત્યાં છે નિર્વાણ
  ભવ છેવટની છે એ દશા,
  રામ ધામ આવીને વસ્યા

ફાલ્ગુન વદ ૧, ૧૯૪૬
૨૩ મા વર્ષે મુંબઈ

[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

૨૮

બિના નયન પાવે નહીં,
બિના નયનકી બાત,
સેવે સદ્ગુરૂકે ચરન,
સો પાવે સાક્ષાત

બુઝી ચહત જો પ્યાસકો,
હૈ બુઝનકી રીત,
પાવે નહિ ગુરૂગમ બિના,
એહી અનાદિ સ્થીત.

એહિ નહિ હે કલ્પના,
એહિ નહિ વિભંગ
કયિ નર પંચમકાલમે,
દેખી વસ્તુ અભંગ.

નહિ દે તું ઉપદેશકૂં,
પ્રથમ લેહિ ઉપદેશ,
સબસે ન્યારા અગમ હૈ,
વો જ્ઞાનીકા દેશ

જપ તપ, ઔર વ્રતાદિ સબ,
તહાં લગી ભ્રમરૂપ
જહાં લગી નહિ સંતકી
પાઈ કૃપા અનુપ

પાયાકી એ બાતહૈ,
નિજ છંદનકો છોડ
પીછે લાગ સત્પુરૂષકે,
તો સબ બંધન તોડ

પ્રથમ દેહ દૃષ્ટિ હતી,
તેથી ભાસ્યો દેહ
હવે દૃષ્ટિ થઇ આત્મમા,
ગયો દેહથી નેહ

જડ, ચેતન સંયોગ આ,
ખાણ અનાદિ અનંત
કોઇ ન કર્ત્તા તેહનો,
ભાખે જિન ભગવંત

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ,
નહિ નાશ પણ તેમ
અનુભવથી તે સિદ્ધ છે,
ભાખે જિનવર એમ

હોય તેહનો નાશ નહિ,
નહિ તેહ નહિ હોય
એક સમય તે સૌ સમય
ભેદ અવસ્થા જોય

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ,
પરમજ્ઞાન સુખ ધામ
જેણે આપ્યું ભાન નિજ
તેને સદા પ્રણામ

૨૪ મા વર્ષે
રાળજ

૨૯

મૂળ મારગ સાંભળો જિનનો રે
કરી વૃત્તિ અખંડ સન્મુખ,
મૂળ મારગ સાંભળો જિનનો રે

નો'ય પૂજાદિની જે કામના રે,
નો'ય વ્હાલું અંતર ભવદુઃખ
મૂળ મારગ સાંભળો જિનનો રે

કરી જો જો વચનની તુલના રે,
જો જો શોધીને જિન સિદ્ધાંત.
મૂળ મારગ સાંભળો જિનનો રે

માત્ર કહેવું પરમાર્થ હેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત
મૂળ મારગ સાંભળો જિનનો રે

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ
મૂળ મારગ સાંભળો જિનનો રે

જિન મારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુદ્ધ
મૂળ મારગ સાંભળો જિનનો રે

લિંગ અને ભેદો જે વ્રતના રે,
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ
મૂળ મારગ સાંભળો જિનનો રે

૩૦

જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાભળો—

જો હોય પૂર્વ ભણેલ નવ પણ,
જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું,
સાક્ષી છે આગમ અહીં

એ પૂર્વ સર્વ કહ્યા વિશેષે,
જીવ કરવા નિર્મળો
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો

નહીં ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન નહીં કવિ—ચાતુરી
નહીં મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં,
જ્ઞાન નહીં ભાષા ઠરી
નહીં અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન જ્ઞાનીમા કળો
જિનવર કહે છે જ્ઞાન તેને
સર્વ ભવ્યો સાભળો

આ જીવને આ દેહ,
એવો ભેદ જે ભાસ્યો નહીં,
પચખાણ કીધા ત્યાં સુધી,
મોક્ષાર્થે તે ભાખ્યા નહીં
એ પાચમે અગે કહ્યો,
ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાભળો

કેવળ નહીં બ્રહ્મચર્યથી,
કેવળ નહીં સયમ થકી,
પણ જ્ઞાન કેવળથી કહો
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાભળો

શાસ્ત્રો નિક્ષેપ સહીત પણ,
જે જાણિયુ નિજરૂપને,
કાં તેહવો આશ્રય કરજે,
ભાવથી સાચા મને,
તો જ્ઞાન તેને ભાખિયુ,
જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો

આઠ સમિતિ જાણીએ જો,
જ્ઞાનીના પરમાર્થથી,
તો જ્ઞાન ભાખ્યુ તેહને,
અનુસાર તે મોક્ષાર્થથી

નિજ કલ્પનાથી કોટી શાસ્ત્રો,
માત્ર મનનો આમળો
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો

ચાર વેદ પુરાણ આદિ
શાસ્ત્ર સૌ મિથ્યાત્વના
જ્યાં નંદિસૂત્રે ભાખિયા છે,
ભેદ જ્યાં સિદ્ધાંતના
પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં,
એજ ઠેકાણે ઠરો
જિનવર કહે છે જ્ઞાન તેને
સર્વ ભવ્યો સાંભળો

વ્રત નહીં પચખાણ નહીં,
નહીં ત્યાગ વસ્તુ કોઈનો
પણ પદ્મ તીર્થંકર થશે
શ્રેણિક ઠાણંગ જોઈ લ્યો

છેદો અનંતા

સં૦ ૧૯૫૨ આસો
૨૯ મા વર્ષે
આનંદ

આત્મસિદ્ધિ.

૩૧

૧ જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત

૨ વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ
વિચારવા આત્માર્થીને ભાખ્યો અત્ર અગોપ્ય

૩ કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ

૪ બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ

૫ બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહિ
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ

૬ વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન

૭ ત્યાગ, વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન

૮ જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ

૯ સેવે સદ્ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ

૧૦ આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ,
અપૂર્વવાણી, પરમશ્રુત, સદ્ગુરુલક્ષણ યોગ

૧૧ પ્રત્યક્ષસદ્ગુરુ સમ નહીં, પરોક્ષજિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર

૧૨ સદ્ગુરુના ઉપદેશવણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યાવણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ.

૧૩ આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર,
પ્રત્યક્ષ સદ્ગુરુયોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર

૧૪ અથવા સદ્ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ,
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ

૧૫ રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.

૧૬ પ્રત્યક્ષ સદ્ગુરુયોગથી, સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય

૧૭ સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.

૧૮ માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય,
જાતાં સદ્ગુરુશરણમાં, અલ્પ પ્રયાસે જાય

૧૯ જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન

૨૦ એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય

૨૧ અસદ્ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ,
મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહિ

૨૨ હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર,
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર

૨૩ હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ

૨૪ બાહ્યત્યાગ પણ જ્ઞાન નહીં, તે માને ગુરુ સત્ય,
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાંજ મમત્વ.

૨૫ જે જિનદેહપ્રમાણને, સમવસરણાદિ સિદ્ધિ
વર્ણન સમજે જિનનું, રોકિ રહે નિજ બુદ્ધિ

૨૬ પ્રત્યક્ષસદ્ગુરુયોગમાં વર્તે દૃષ્ટિ વિમુખ
અસદ્ગુરુને દૃઢ કરે, નિજમાનાર્થે મુખ્ય

૨૭ દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,
માને નિજમતવેષનો, આગ્રહ મુક્તિનિદાન।

૨૮ લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન

૨૯ અથવા નિશ્ચયનય ગ્રહે માત્ર શબ્દની માંય
લોપે સદ્વ્યવહારને, સાધન રહિત થાય

૩૦ જ્ઞાનદશા પામ્યો નહીં, સાધનદશા ન કાંઈ
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ

૩૧ એ પણ જીવ મતાર્થમાં નિજમાનાદિ કાજ
પામે નહીં પરમાર્થને, અન અધિકારીમાંજ

૩૨ નહીં કષાયઉપશાંતતા, નહીં અંતર વૈરાગ્ય
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય

૩૩ લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ,
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ

૩૪ આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય,
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહીં જોય

૩૫ પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર

૩૬ એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત

૩૭ એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ,
કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ

૩૮ કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ,
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ

૩૯ દશા ન એવી જ્યાંસુધી, જીવ લહે નહીં જોગ,
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતરરોગ

૪૦ આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય,
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય

૪૧ જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન,
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ

૪૨ ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય,
ગુરુશિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ આંહિ

ષટ્પદનામકથન.

૪૩ 'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ'
'છે ભોક્તા', 'વળી મોક્ષ છે', 'મોક્ષઉપાય સુધર્મ'

૪૪ ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ

શિષ્ય આત્મા નથી

૪૫ નથી દ્રષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ.

૪૬ અથવા દેહજ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ
મિથ્યા જુદો માનવો નહીં જુદું એંધાણ

૪૭ વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ.

૪૮ માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય,
એ અંતરશંકાતણો, સમજાવો સદુપાય.

સદ્ગુરુ આત્મા છે

૪૯ ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.

૫૦ ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન

૫૧ જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ

૫૨ છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન
પાંચ ઇંદ્રીના વિષયનું પણ આત્માને ભાન

૫૩ દેહ ન જાણે તેહને જાણે ન ઇંદ્રિ પ્રાણ
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્તે જાણ

૫૪ સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય,
પ્રગટરૂપ ચૈતન્યમય એ એંધાણ સદાય

૫૫ ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન
જાણનાર તે માન નહીં, કહિયે કેવું જ્ઞાન?

૫૬ પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ

૫૭ જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ,
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ.

૫૮ આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ

શિષ્ય આત્મા નિત્ય નથી

૫૯ આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર,
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર,

૬૦ બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ,
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ

૬૧ અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય,
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય

સદ્ગુરુ આત્મા નિત્ય છે

૬૨ દેહ માત્ર સંયોગ છે, વળી જડ, રૂપી, દૃશ્ય,
ચેતનના ઉત્પત્તિ, લય, કોના અનુભવ વશ્ય,

૬૩ જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન

૬૪ જે સંયોગો દેખિયે, તે તે અનુભવદૃશ્ય
ઊપજે નહીં સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ,

૬૫ જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય,
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય

૬૬ કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય,
નાશ ન તેનો કોઈમાં, તેથી 'નિત્ય' સદાય

૬૭ ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય,
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય.

૬૮ આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,
બાળાદિ વય ત્રણ્યનું જ્ઞાન એકને થાય.

૬૯ અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર
વદનારો તે ક્ષણિક નહીં, કર અનુભવ નિર્ધાર.

૭૦ ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ

શિષ્ય આત્મા કર્મનો કર્તા નથી

૭૧ કર્તા જીવ ન કર્મનો, કર્મજ કર્તા કર્મ,
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ

૭૨ આત્મા સદા અસંગને, કરે પ્રકૃતિ બંધ
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ

૭૩ માટે મોક્ષ-ઉપાયનો, કોઈ ન હેતુ જણાય
કર્મતણું કર્તાપણું, કાં નહીં, કાં નહીં જાય ?

સદ્ગુરુ આત્મા કર્મનો કર્તા છે

૭૪ હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડસ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ

૭૫ જો ચેતન કરતું નથી, થતાં નથી તો કર્મ
તેથી સહજ સ્વભાવ નહીં, તેમજ નહીં જીવધર્મ

૭૬ કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ.

૭૭ કર્તા ઈશ્વર કો નહીં, ઈશ્વર શુદ્ધ સ્વભાવ
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ

૭૮ ચેતન જો નિજભાનમાં કર્તા આપસ્વભાવ,
વર્તે નહીં નિજભાનમાં કર્તા કર્મ પ્રભાવ.

શિષ્ય આત્મા કર્મનો ભોક્તા નથી

૭૯ જીવ કર્મકર્તા કહો પણ ભોક્તા નહીં સોય
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય ?

૮૦ ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય
એમ કહ્યે ઈશ્વરતણું ઈશ્વરપણુંજ જાય

૮૧ ઈશ્વર સિદ્ધ થયાવિના, જગતનિયમ નહીં હોય,
પછી શુભાશુભ કર્મના, ભોગ્યસ્થાન નહીં કોય.

ગુરુ આત્મા-કર્મનો ભોક્તા છે

૮૨ ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ,
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ

૮૩ ઝેર, સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય,
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય.

૮૪ એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ,
કારણવિના ન કાર્ય તે, એજ શુભાશુભ વેદ્ય

૮૫ ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર,
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર

૮૬ તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.

શિષ્ય મોક્ષ નથી

૮૭ કર્તા, ભોક્તા જીવ હો, પણ તેનો નહીં મોક્ષ,
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ

૮૮ શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય,
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય

ગુરુ મોક્ષ છે

૮૯ જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ,
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ

૯૦ વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ.

૯૧ દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ,
સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ.

<u>શિષ્ય : મોક્ષનો ઉપાય નથી</u>

૯૨ હોય કદાપિ મોક્ષપદ, નહીં અવિરોધ ઉપાય,
કર્મો કાળ અનંતના, શાથી છેદ્યાં જાય?

૯૩ અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક,
તેમાં મત સાચો કયો? બને ન એહ વિવેક

૯૪ કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ
એનો નિશ્ચય ના બને ઘણા ભેદ એ દોષ

૯૫ તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ-ઉપાય
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય?

૯૬ પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ
સમજું મોક્ષ-ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય

<u>સદ્ગુરુ : મોક્ષનો ઉપાય છે</u>

૯૭ પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત

૯૮ કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ
અંધકાર અજ્ઞાન સમ નાશે જ્ઞાનપ્રકાશ

૯૯ જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ,
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત

૧૦૦ રાગ દ્વેષ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ,
થાય નિવૃત્તિ જેહથી તેજ મોક્ષનો પંથ

૧૦૧ આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત
જેથી કેવળ પામિયે મોક્ષપંથ તે રીત

૧૦૨ કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ,

૧૦૩ કર્મ મોહનિય ભેદ બે, દર્શન ચારિત્ર નામ
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ,

૧૦૪ કર્મબંધ ક્રોધાદિથી હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ?

૧૦૫ છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.
૧૦૬ ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર,
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર.
૧૦૭ જાતિ વેષનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય,
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય.
૧૦૮ કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ,
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ.
૧૦૯ તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ,
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ.
૧૧૦ મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ,
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.
૧૧૧ વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.
૧૧૨ વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ,
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ.
૧૧૩ કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.
૧૧૪ કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.
૧૧૫ છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ,
નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.
૧૧૬ એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.
૧૧૭ શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.
૧૧૮ નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય,
ધરી મૌનતા એમ કહ્યું, સહજસમાધિ માંય.

૩૨

પથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે,
તે અનુસરિ કહિશું પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે.

મૂળ પરમપદ કારણ સમ્યક દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ

જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીન્દ્ર સર્વજ્ઞે
તેવી અંતર આસ્થા, પ્રગટ્યે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે

સમ્યક્ પ્રમાણ પૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે,
સમ્યક્ જ્ઞાન કહ્યું તે, સંશય વિભ્રમ, મોહ ત્યાં નાસે.

વિષયારંભ નિવૃત્તિ રાગ દ્વેષનો અભાવ જ્યાં થાય
સહિત સમ્યક્ દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય

ત્રણે અભિન્ન સ્વભાવે પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય
પૂર્ણ પરમપદ પ્રાપ્તિ નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય

જીવ, અજીવ પદાર્થો પુણ્ય, પાપ, આસ્રવ તથા બંધ,
સંવર નિર્જરા મોક્ષ, તત્ત્વ કહ્યા નવ પદાર્થ સંબંધ

જીવ અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય
વસ્તુ વિચાર વિશેષે જિન પ્રબોધ્યા મહાન મુનિરાય

આત્મસિદ્ધિ ગદ્યાકાર.

૧ જે આત્મસ્વરૂપ સમજ્યા વિના ભૂતકાળે હું અનંત દુઃખ પામ્યો, તે પદ જેણે સમજાવ્યું એટલે ભવિષ્યકાળે ઉત્પન્ન થવાયોગ્ય એવાં અનંત દુઃખ પામત તે મૂળ જેણે છેદ્યું એવા શ્રીસદ્‌ગુરુ ભગવાનને નમસ્કાર કરૂં છું

૨ આ વર્તમાનકાળમાં મોક્ષમાર્ગ ઘણો લોપ થઈ ગયો છે, જે મોક્ષમાર્ગ ગુરુશિષ્યના સંવાદરૂપે અત્રે પ્રકટ કહીએ છીએ

૩ કોઈ ક્રિયાને જ વળગી રહ્યા છે, અને કોઈ શુષ્કજ્ઞાનને જ વળગી રહ્યા છે, એમ મોક્ષમાર્ગ માને છે જે જોઈને દયા આવે છે

૪ બાહ્યક્રિયામાં જ માત્ર રાચી રહ્યા છે, અંતર્ કંઈ ભેદાયું નથી, અને સત્માર્ગને નિષેધ્યા કરે છે, તે અહીં ક્રિયાજડ કહ્યા છે

૫ બંધ, મોક્ષ માત્ર કલ્પના છે, એવા નિશ્ચય વાક્ય માત્ર વાણીમાં બોલે છે, અને તથારૂપ દશા થઈ નથી, મોહના પ્રભાવમાં વર્તે છે, એ અહીં શુષ્કજ્ઞાની કહ્યા છે

૬ વૈરાગ્યત્યાગાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે અને જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતા હોય, તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે

૭ જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયા ન હોય તેને જ્ઞાન ન થાય, અને જે ત્યાગ, વિરાગમાં જ અટકી રહી, આત્મજ્ઞાનની

આશંકા ન રાખે તે પોતાનું ભાન ભૂલે અર્થાત્ અજ્ઞાનાદિક લાગવા ઇત્યાદિ હોવાથી તે પૂર્ણસત્તા વાદિયો પગભર પામે, અને આત્માર્થ સુધી જાય.

૮ જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યાં ત્યાં તે તે સમજે અને ત્યાં ત્યાં તે તે આચરે એ, આત્માર્થી પુરૂષનાં લક્ષણો છે

૯ પોતાના પક્ષને છોડી દઈ, જે સદ્ગુરૂ ચરણને સેવે તે પરમાર્થને પામે, અને આત્મસ્વરૂપનો લક્ષ તેને થાય

૧૦ આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે, તથા શત્રુ મિત્ર, હર્ષ શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવપ્રત્યે જેને સમતા વર્તે છે, માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવા કર્મોના ઉદયને લીધે જેમની વિચરવાઆદિ ક્રિયા છે, અજ્ઞાની કરતા જેની વાણી પ્રત્યક્ષ જુદી પડે છે અને ષડ્દર્શનના તાત્પર્યને જાણે છે, તે સદ્ગુરૂના ઉત્તમ લક્ષણો છે

૧૧ જ્યાંસુધી જીવ પૂર્વકાળે થઇ ગયેલા એવા જિનની વાતપર જ લક્ષ રાખ્યા કરે, અને તેનો ઉપકાર કહ્યા કરે, અને જેથી પ્રત્યક્ષ આત્મભ્રાંતિનું સમાધાન થાય એવા સદ્ગુરૂનો સમાગમ પ્રાપ્ત થયો હોય તેમાં પરોક્ષજિનોના વચન કરતા મોટો ઉપકાર સમાયો છે, તેમ જે ન જાણે તેને આત્મવિચાર ઉત્પન્ન ન થાય

૧૨ સદ્ગુરૂના ઉપદેશવિના જિનનું સ્વરૂપ સમજાય નહીં, અને સમજાયાવિના ઉપકાર શો

થાય ? જો સદ્‌ગુરૂઉપદેશે જિનનું સ્વરૂપ સમજે તો સમજનારનો આત્મા પરિણામે જિનની દશાને પામે

૧૩ જે જિનાગમાદિ આત્માના હોવાપણાના તથા પરલોકાદિના હોવાપણાનો ઉપદેશ કરનાવાળા શાસ્ત્રો છે તેપણ જ્યાં પ્રત્યક્ષસદ્‌ગુરૂનો જોગ ન હોય ત્યાં, સુપાત્ર જીવને આધારરૂપ છે, પણ સદ્‌ગુરૂ સમાન તે ભ્રાંતિના છેદક કહી ન શકાય

૧૪ અથવા જો સદ્‌ગુરૂએ તે શાસ્ત્રો વિચારવાની આજ્ઞા દીધી હોય, તો તે શાસ્ત્રો મતાંતર એટલે કુળધર્મને સાર્થક કરવાનો હેતુ આદિ ભ્રાંતિ છોડીને માત્ર આત્માર્થે વિચારવા

૧૫ જીવ અનાદિ કાળથી પોતાના ડહાપણે અને પોતાની ઇચ્છાએ ચાલ્યો છે, એનું નામ સ્વચ્છંદ' છે જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે, અને એ રીતે ભૂતકાળે અનંત જીવ મોક્ષ પામ્યા છે, એમ રાગ, દ્વેષ અને અજ્ઞાન એમાંનો એકે દોષ જેને વિષે નથી એવા દોષરહિત વીતરાગે કહ્યું છે

૧૬ પ્રત્યક્ષસદ્‌ગુરૂના યોગથી તે સ્વચ્છંદ રોકાય છે, બાકી પોતાની ઇચ્છાએ બીજા ઘણા ઉપાય કર્યા છતા ઘણુંકરીને તે બમણો થાય છે

૧૭ સ્વચ્છંદને તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્‌ગુરૂના લક્ષે ચાલે તેને, પ્રત્યક્ષ કારણ ગણીને વીતરાગે 'સમકિત' કહ્યું છે

૧૮ માન, અને પૂજાસત્કારાદિનો લોભ એ આદિ મહાશત્રુ છે, તે [illegible] ડહાપણે ચાલતા

નાશ પામે નહીં, અને સદ્ગુરુના ચરણમાં જતાં સહજ પ્રલયમાં જાય

૧૯ જે સદ્ગુરુના ઉપદેશથી કેવળજ્ઞાનને પામ્યા, તે સદ્ગુરુ હજુ છદ્મસ્થ રહ્યા હોય, તોપણ જે કેવળજ્ઞાનને પામ્યા છે એવા તે કેવળીભગવાન છદ્મસ્થ એવા પોતાના સદ્ગુરુનું વૈયાવચ્ચ કરે

૨૦ એવો વિનયનો માર્ગ શ્રી જિને ઉપદેશ્યો છે એ માર્ગનો મૂળહેતુ એટલે તેથી આત્માને શો ઉપકાર થાય છે તે, કોઈક સુભાગ્ય એટલે સુલભ બોધી અથવા આરાધક જીવ હોય તે સમજે

૨૧ આ વિનયમાર્ગ કહ્યો તેનો લાભ એટલે તે શિષ્યાદિની પાસે કરાવવાની ઇચ્છા કરીને જે કોઈ પણ અસદ્ગુરુ પોતાને વિષે સદ્ગુરુપણું સ્થાપે તો તે મહામોહનીય કર્મ ઉપાર્જન કરીને ભવ સમુદ્રમાં બૂડે

૨૨ જે મોક્ષાર્થી જીવ હોય તે, આ વિનયમાર્ગાદિનો વિચાર સમજે, અને જે મતાર્થી હોય તે, તેનો અવળો નિર્ધાર લે એટલે કાં પોતે તેવો વિનય શિષ્યાદિ પાસે કરાવે અથવા અસદ્ગુરુને વિષે પોતે સદ્ગુરુની ભ્રાંતિ રાખી આ વિનયમાર્ગનો ઉપયોગ કરે

૨૩ જે મતાર્થી જીવ હોય તેને આત્મજ્ઞાનનો લક્ષ થાય નહીં એવા મતાર્થી જીવના અહીં નિષ્પક્ષ પાતે લક્ષણો કહ્યા છે

૨૪ જેને માત્ર બાહ્યથી ત્યાગ દેખાય છે પણ આત્મજ્ઞાન નથી અને ઉપલક્ષણથી અંતરંગ ત્યાગ

નથી, તેવા ગુરુને સાચા ગુરુ માને, અથવા તો પોતાના કુળધર્મના ગમે તેવા ગુરુ હોય તોપણ તેમાજ મમત્વ રાખે

૨૫ જે જિનના દેહાદિનુ વર્ણન છે, તેને જિનનુ વર્ણન સમજે છે, અને માત્ર પોતાના કુળધર્મના દેવ છે માટે મારાપણાના કલ્પિત રાગે સમવસરણાદિ માહાત્મ્ય કહ્યા કરે છે, અને તેમા પોતાની બુદ્ધિને રોકી રહે છે, એટલે પરમાર્થહેતુસ્વરૂપ એવુ જિનનુ જે અતરગસ્વરૂપ જાણવાયોગ્ય છે તે જાણતા નથી, તથા તે જાણવાનુ પ્રયત્ન કરતા નથી અને માત્ર સમવસરણાદિમાજ જિનનુ સ્વરૂપ કહીને મતાર્થમા રહે છે

૨૬ પ્રત્યક્ષસદ્ગુરુનો ક્યારેક યોગ મળે તો દુરાગ્રહાદિછેદક તેની વાણી સાભળીને તેનાથી અવળી રીતે ચાલે, અર્થાત્ તે હિતકારી વાણીને ગ્રહણ કરે નહીં, અને પોતે ખરેખરો દૃઢ મુમુક્ષુ છે એવુ માન મુખ્યપણે મેળવવાને અર્થે અસદ્ગુરુસમીપે જઈને પોતે તેનાપ્રત્યે પોતાનુ વિશેષ દૃઢપણુ જણાવે

૨૭ દેવ નારકાદિ ગતિના, 'ભાગા' આદિના સ્વરૂપ કોઈક વિશેષ પરમાર્થહેતુથી કહ્યા છે, તે હેતુને જાણ્યો નથી, અને તે ભગજાળને શ્રુતજ્ઞાન જે સમજે છે, તથા પોતાના મતના વેષનો આગ્રહ રાખવામાજ મુક્તિનો હેતુ માને છે

૨૮ વૃત્તિનુ સ્વરૂપ શુ ? તે પણ જે જાણતો નથી, અને 'હુ વ્રતધારી છુ' એવુ અભિમાન ધારણ કર્યું છે ક્વચિત્ પરમાર્થના ઉપદેશનો યોગ બને તોપણ લોકોમા પોતાનુ માન અને પૂજાસત્કારાદિ

૩૭ જેમ અંતરમાં વિચારીને જે સદ્ગુરુના બોધનો શોધ કરે, ત્યાર આ આત્માર્થની ફરજ ગણે, પણ માનપૂજાદિ સિદ્ધિરિદ્ધિની કશી ઇચ્છા રાખે નહીં—એ રોગ જેના મનમાં નથી

૩૮ જ્યાં કષાય પાતળા પડ્યા છે, માત્ર એક મોક્ષપદ સિવાય બીજા કોઈ પદની અભિલાષા નથી, સંસારપર જેનો વૈરાગ્ય વર્તે છે, અને પ્રાણીમાત્રપર જેની દયા છે, એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય

૩૯ જ્યાંસુધી એવી જોગદશા જીવ પામે નહીં, ત્યાંસુધી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતર્ રોગ ન મટે

૪૦ એવી દશા જ્યાં આવે ત્યાં સદ્ગુરુના બોધ શોભે, અર્થાત્ પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખદાયક એવી સુવિચારદશા પ્રગટે

૪૧ જ્યાં સુવિચારદશા પ્રગટે ત્યાં આત્મજ્ઞાન ઉત્પન્ન થાય અને તે જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે

૪૨ જેથી તે સુવિચારદશા ઉત્પન્ન થાય, અને મોક્ષમાર્ગ સમજમાં આવે તે છ પદરૂપે ગુરુ શિષ્યના સંવાદથી કરીને અત્રે કહું છું

૪૩ 'આત્મા છે' 'તે આત્મા નિત્ય છે' 'તે આત્મા પોતાના કર્મનો કર્તા છે' 'તે કર્મનો ભોક્તા છે' 'તેથી મોક્ષ થાય છે,' અને 'તે ઉપાય એવો સત્ધર્મ છે.'

૪૪ એ છ સ્થાનક અથવા છ પદ અહીં સક્ષેપમા કહ્યાં છે, અને વિચાર કરવાથી ષટ્દર્શન પણ તે જ છે પરમાર્થ સમજવાને માટે જ્ઞાનીપુરુષે એ છ પદો કહ્યા છે

૪૫ દષ્ટિમા આવતો નથી, તેમ જેનું કંઇ રૂપ જણાતું નથી, તેમ સ્પર્શાદિ બીજા અનુભવથી પણ જણાવાપણુ નથી, માટે જીવનું સ્વરૂપ નથી, અર્થાત્ જીવ નથી

૪૬ અથવા દેહ જ છે તે, આત્મા છે, અથવા ઇંદ્રિયો છે તે, આત્મા છે, અથવા શ્વાસોચ્છ્વાસ છે તે, આત્મા છે, અર્થાત્ એ સૌ એકના એક દેહ રૂપે છે, માટે આત્માને જૂદો માનવો તે મિથ્યા છે, કેમકે તેને કશુ જૂદું એંધાણ એટલે ચિન્હ નથી

૪૭ અને જો આત્મા હોય તો તે જણાય શા માટે નહીં? જો ઘટ, પટ, આદિ પદાર્થો છે તો જેમ જણાય છે, તેમ આત્મા હોય તો શા માટે ન જણાય?

૪૮ માટે આત્મા છે નહીં, અને આત્મા નથી એટલે તેના મોક્ષના અર્થે ઉપાય કરવા તે ફોગટ છે, એ મારા અંતરની શંકાનો કંઈ પણ સદુપાય સમજાવો એટલે સમાધાન હોય તો કહો

૪૯ દેહાધ્યાસથી એટલે અનાદિકાળથી અજ્ઞાનને લીધે દેહનો પરિચય છે તેથી, આત્મા દેહ જેવો અર્થાત્ તને દેહ ભાસ્યો છે, પણ આત્મા અને દેહ બન્ને જૂદા છે, કેમકે બેય જૂદાં જૂદાં લક્ષણથી પ્રગટ ભાનમા આવે છે

૩૭ એમ અંતરમાં વિચારીને જે સદ્ગુરુના યોગનો શોધ કરે, માત્ર એક આત્માર્થની ઇચ્છા રાખે પણ માનપૂજાદિક સિદ્ધિરિદ્ધિની કશી ઇચ્છા રાખે નહીં,—એ રોગ જેના મનમાં નથી

૩૮ જ્યાં કષાય પાતળા પડ્યા છે, માત્ર એક મોક્ષપદ સિવાય બીજા કોઈ પદની અભિલાષા નથી, સંસારપર જેને વૈરાગ્ય વર્તે છે, અને પ્રાણીમાત્રપર જેને દયા છે, એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય

૩૯ જ્યાંસુધી એવી જોગદશા જીવ પામે નહીં, ત્યાંસુધી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતર્ રોગ ન મટે

૪૦ એવી દશા જ્યાં આવે ત્યાં સદ્ગુરુનો બોધ શોભે, અર્થાત્ પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખદાયક એવી સુવિચારદશા પ્રગટે

૪૧ જ્યાં સુવિચારદશા પ્રગટે ત્યાં, આત્મજ્ઞાન ઉત્પન્ન થાય, અને તે જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે

૪૨ જેથી તે સુવિચારદશા ઉત્પન્ન થાય, અને મોક્ષમાર્ગ સમજવામાં આવે તે, છ પદરૂપે ગુરુ શિષ્યના સંવાદથી કરીને અહીં કહું છું

૪૩ 'આત્મા છે' 'તે આત્મા નિત્ય [illegible] આત્મા પોતાના કર્મનો કર્તા છે,' [illegible] ભોક્તા છે' 'તેથી મોક્ષ થાય છે,' 'મોક્ષનો ઉપાય એવો સત્ધર્મ છે'

૫૪ જાગ્રત, સ્વપ્ન, અને નિદ્રા એ અવસ્થામાં વર્તતો છતો તે તે અવસ્થાઓથી જૂદો જે રહ્યા કરે છે, અને તે તે અવસ્થા વ્યતીત થયે પણ જેનું હોવાપણુ છે, અને તે તે અવસ્થાને જે જાણે છે, એવો પ્રગટસ્વરૂપ ચૈતન્યમય છે, અર્થાત્ જાણ્યા જ કરે છે એવો જેનો સ્વભાવ પ્રગટ છે, અને એ તેની નિશાની સદાય વર્ત્તે છે, કોઈ દિવસ તે નિશાનીનો ભગ થતો નથી

૫૫ ઘટ, પટ આદિને તું પોતે જાણે છે, 'તે છે' એમ તું માને છે, અને જે તે ઘટ, પટ આદિનો જાણનાર છે તેને માનતો નથી, એ જ્ઞાન તે કેવુ કહેવું ?

૫૬ દુબળ દેહને વિષે પરમ બુદ્ધિ જોવામા આવે છે, અને સ્થૂલ દેહને વિષે થોડી બુદ્ધિ જોવામા આવે છે, જો દેહ જ આત્મા હોય તો એવો વિકલ્પ એટલે વિરોધ થવાનો વખત ન આવે

૫૭ કોઈ કાળે જેમા જાણવાનો સ્વભાવ નથી તે જડ, અને સદાય જાણવાના સ્વભાવવાન છે, તે ચેતન, એવો બેયનો કેવળ જૂદો સ્વભાવ છે, અને તે કોઈ પણ પ્રકારે એકપણુ પામવાયોગ્ય નથી ત્રણે કાળ જડ જડ ભાવે અને ચેતન ચેતન ભાવે રહે એવો બેયનો જૂદો જૂદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે

૫૮ આત્માની શકા આત્મા આપે પોતે કરે છે જે શકાનો કરનાર છે, તે જ આત્મા છે તે જણાતો નથી, એ માપ ન થઇ શકે એવુ આશ્ચર્ય છે

૫૦ અનાદિકાળના અજ્ઞાનને લીધે દેહના પરિચયથી દેહ જ આત્મા ભાસ્યો છે, અથવા દેહ જેવો આત્મા ભાસ્યો છે પણ જેમ તરવાર ને મ્યાન, મ્યાનરૂપ લાગતાં છતાં બન્ને જુદાં જુદાં છે, તેમ આત્મા અને દેહ બન્ને જુદા જુદા છે

૫૧ તે આત્મા દૃષ્ટિ એટલે આંખથી ક્યાંથી દેખાય? કેમકે ઊલટો તેનો તે જોનાર છે સ્થૂળ સૂક્ષ્માદિ રૂપને જે જાણે છે, અને સર્વને બાધ કરતા કરતા કોઈ પણ પ્રકારે જેનો બાધ કરી શકાતો નથી એવો બાકી જે અનુભવ રહે છે તે, જીવનું સ્વરૂપ છે

૫૨ કર્ણેન્દ્રિયથી સાંભળ્યું તે તે કર્ણેન્દ્રિય જાણે છે, પણ ચક્ષુ-ઇંદ્રિય તેને જાણતી નથી, અને ચક્ષુ-ઇંદ્રિયે દીઠું તે કર્ણેન્દ્રિય જાણતી નથી અર્થાત્ સૌ સૌ ઇંદ્રિયને પોતપોતાના વિષયનું જ્ઞાન છે પણ બીજી ઇંદ્રિયોના પોતપોતાના વિષયનું જ્ઞાન છે પણ બીજી ઇન્દ્રિયોના વિષયનું જ્ઞાન નથી, અને આત્માને તો પાંચે ઇંદ્રિયના વિષયનું જ્ઞાન છે અર્થાત્ જે તે પાંચે ઇંદ્રિયોના ગ્રહણ કરેલા વિષયને જાણે છે તે જ, 'આત્મા' છે, અને આત્માવિના એકેક ઇંદ્રિય એકેક વિષયને ગ્રહણ કરે એમ કહ્યું તે પણ ઉપચારથી કહ્યું છે

૫૩ દેહ તેને જાણતો નથી ઇંદ્રિયો તેને જાણતી નથી અને શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણ પણ તેને જાણતો નથી તે સૌ એક આત્માની સત્તા પામીને પ્રવર્તે છે નહીં તો જડપણે પડ્યા રહે છે, એમ જાણ

૫૪ જાગ્રત, સ્વપ્ન, અને નિંદ્રા એ અવસ્થામા વર્તતો છતા તે તે અવસ્થાઓથી જૂદો જે રહ્યા કરે છે, અને તે તે અવસ્થા વ્યતીત થયે પણ જેનું હોવાપણું છે, અને તે તે અવસ્થાને જે જાણે છે, એવો પ્રગટસ્વરૂપ ચૈતન્યમય છે, અર્થાત્ જાણ્યા જ કરે છે એવો જેનો સ્વભાવ પ્રગટ છે, અને એ તેની નિશાની સદાય વર્તે છે, કોઈ દિવસ તે નિશાનીનો ભગ થતો નથી

૫૫ ઘટ, પટ આદિને તું પોતે જાણે છે, 'તે છે' એમ તું માને છે, અને જે તે ઘટ, પટ આદિનો જાણનાર છે તેને માનતો નથી, એ જ્ઞાન તે કેવુ કહેવુ ?

૫૬ દુબળ દેહને વિષે પરમ બુદ્ધિ જોવામા આવે છે, અને સ્થૂળ દેહને વિષે થોડી બુદ્ધિ જોવામા આવે છે, જો દેહ જ આત્મા હોય તો એવો વિકલ્પ એટલે વિરોધ થવાનો વખત ન આવે

૫૭ કોઈ કાળે જેમા જાણવાનો સ્વભાવ નથી તે જડ, અને સદાય જાણવાના સ્વભાવવાન છે, તે ચેતન, એવો બેયનો કેવળ જૂદો સ્વભાવ છે, અને તે કોઈ પણ પ્રકારે એકપણું પામવાયોગ્ય નથી ત્રણે કાળ જડ જડ ભાવે, અને ચેતન ચેતન ભાવે રહે એવો બેયનો જૂદો જૂદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે

૫૮ આત્માની શકા આત્મા આપે પોતે કરે છે જે શકાનો કરનાર છે, તે જ આત્મા છે તે જણાતો નથી, એ માપ ન થઇ શકે એવુ આશ્ચર્ય છે

૭૨ અથવા એમ નહીં, તો [illegible] છે, અને મતાદિ શુભાશુભ પ્રકૃતિ કર્મનો બંધ કરે છે, તેમ નહીં, તો જીવને કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર કરે છે, તેથી ઈશ્વર-ઇચ્છારૂપ હોવાથી જીવ તે કર્મથી 'અબંધ' છે

૭૩ માટે જીવ કોઈ રીતે કર્મનો કર્તા થઈ શકતો નથી, અને મોક્ષનો ઉપાય કરવાનો કોઈ હેતુ જણાતો નથી કાં જીવને કર્મનું કર્તાપણું નથી અને જો કર્તાપણું હોય તો કોઈ રીતે તે તેનો સ્વભાવ મટવાયોગ્ય નથી

૭૪ ચેતન એટલે આત્માની પ્રેરણારૂપ પ્રવૃત્તિ ન હોય, તો કર્મને કોણ ગ્રહણ કરે ? જડનો સ્વભાવ પ્રેરણા નથી જડ અને ચેતન બેયના ધર્મ વિચારી જુઓ

૭૫ આત્મા જો કર્મ કરતો નથી, તો થતા નથી; તેથી સહજ સ્વભાવે એટલે અનાયાસે થાય એમ કહેવું ઘટતું નથી, તેમ જ તે જીવનો ધર્મ પણ નહીં કેમકે સ્વભાવનો નાશ થાય નહીં, અને આત્મા ન કરે તો કર્મ થાય નહીં, એટલે એ ભાવ ટળી શકે છે, માટે તે આત્માનો સ્વાભાવિક ધર્મ નહીં

૭૬ કેવળ જો અસંગ હોત, અર્થાત્ ક્યારે પણ તેને કર્મનું કરવાપણું ન હોત, તો તને પોતાને તે આત્મા પ્રથમથી કેમ ન ભાસત ? પરમાર્થથી તે આત્મા અસંગ છે, પણ તે તો જ્યારે સ્વરૂપનું ભાન થાય ત્યારે થાય

૭૭ જગતનો અથવા જીવોના કર્મનો ઈશ્વર કર્તા કોઈ છે નહીં, શુદ્ધ આત્મસ્વભાવ જેનો થયો છે તે ઈશ્વર છે, અને તેને જો પ્રેરક એટલે કર્મ-કર્તા ગણીએ તો તેને દોષનો પ્રભાવ થયો ગણવો જોઈએ, માટે ઈશ્વરની પ્રેરણા જીવના કર્મ કરવામાં પણ કહેવાય નહીં

૭૮. આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવમાં વર્તે તો તે પોતાના તે જ સ્વભાવનો કર્તા છે, અર્થાત્ તે જ સ્વરૂપમા પરિણમિત છે, અને તે શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવના ભાનમા વર્તતો ન હોય ત્યારે કર્મભાવનો કર્તા છે

૭૯. જીવને કર્મનો કર્તા કહીએ તોપણ તે કર્મનો ભોક્તા જીવ નહીં ઠરે, કેમકે જડ એવા કર્મ શું સમજે કે તે ફળ દેવામા પરિણામી થાય? અર્થાત્ ફળદાતા થાય?

૮૦ ફળદાતા ઈશ્વર ગણીએ તો ભોક્તાપણું સાધી શકીએ, અર્થાત્ જીવને ઈશ્વર કર્મ ભોગવાવે તેથી જીવ કર્મનો ભોક્તા સિદ્ધ થાય, પણ પરને ફળ દેવા આદિ પ્રવૃત્તિવાળો ઈશ્વર ગણીએ તો તેનું ઈશ્વરપણું જ રહેતુ નથી, એમ પણ પાછો વિરોધ આવે છે

૮૧. તેવો ફળદાતા ઈશ્વર સિદ્ધ થાય તો, એટલે જગતનો નિયમ પણ કોઈ રહે નહીં, અને શુભા શુભ કર્મ ભોગવવામા કોઇ સ્થાનક પણ ઠરે નહીં, એટલે જીવને કર્મનું ભોક્તૃત્વ ક્યાં રહ્યું?

૮૨ ભાવકર્મ જીવને પોતાની ભ્રાંતિ છે, માટે તે ચેતનરૂપ છે, અને તે ભ્રાંતિને અનુયાયી થઈ જીવવીર્ય સ્ફુરાયમાન થાય છે, તેથી જડ એવા દ્રવ્યકર્મની વર્ગણા તે ગ્રહણ કરે છે

૮૩ ઝેર અને અમૃત પોતે જાણતાં નથી કે અમારે આ જીવને ફળ આપવું છે, તોપણ જે જીવ ખાય છે, તેને તે ફળ થાય છે એમ શુભાશુભ કર્મ આ જીવને આ ફળ આપવું છે એમ જાણતાં નથી તોપણ ગ્રહણ કરનાર જીવ, ઝેર અમૃતના પરિણામની રીતે ફળ પામે છે

૮૪ એક રાંક છે, અને એક રાજા છે, એ આદિ શબ્દથી નીચપણું, ઊંચપણું, કુરૂપપણું, સુરૂપપણું એમ ઘણું વિચિત્રપણું છે અને એવો જે ભેદ રહે છે—તે સર્વને સમાનતા નથી—તે જ શુભાશુભ કર્મનું ભોક્તાપણું છે, એમ સિદ્ધ કરે છે, કેમકે કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી

૮૫ ફળદાતા ઈશ્વરની એમાં કંઈ જરૂર નથી ઝેર અને અમૃતની રીતે શુભાશુભ કર્મ સ્વભાવે ફળ દેતા જેમ નિવૃત્ત થાય છે પરિણમે છે અને નિઃસત્વ થયેથી ઝેર અને અમૃત ફળ દેતાં જેમ નિવૃત્ત થાય છે, તેમ શુભાશુભ કર્મો ભોગવવાથી તે નિઃસત્વ થાય છે

૮૬ ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ શુભ ગતિ છે અને ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ અશુભગતિ છે શુભાશુભ અધ્યવસાય મિશ્રગતિ છે અને તે જીવપરિણામ તે જ મુખ્યપણે તો ગતિ છે

તથાપિ ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય, શુભાશુભની મધ્યસ્થિતિ, એમ કર્મનો વિશેષ સ્વભાવ છે અને તે આદિ હેતુથી તે તે ભોગસ્થાનક હોવાયોગ્ય છે હે શિષ્ય ! જડ ચેતનના સ્વભાવ સંયોગાદિ સૂક્ષ્મસ્વરૂપનો અત્રે ઘણો વિચાર સમાય છે, માટે આ વાત ગહન છે તો પણ તેને સાવ સંક્ષેપમાં કહી છે

૮૭ કર્તા, ભોક્તા જીવ હો પણ તેથી તેનો મોક્ષ થવાયોગ્ય નથી, કેમકે અનંતકાળ થયો તોપણ કર્મ કરવારૂપી દોષ હજુ તેને વિષે વર્તમાન જ છે

૮૮ શુભ કર્મ કરે તો તેથી દેવાદિગતિમાં તેનું શુભ ફળ ભોગવે, અને અશુભ કર્મ કરે તો નરકાદિ ગતિને વિષે તેનું અશુભ ફળ ભોગવે, પણ જીવ કર્મરહિત કોઈ સ્થળે હોય નહીં

૮૯. જેમ શુભાશુભ કર્મપદ તે જીવના કરવાથી તે થતાં જાણ્યાં, અને તેથી તેનું ભોક્તાપણું જાણ્યું તેમ નહીં કરવાથી અથવા તે કર્મનિવૃત્તિ કરવાથી તે નિવૃત્તિ પણ થવાયોગ્ય છે માટે તે નિવૃત્તિનું પણ સફળપણું છે, અર્થાત્ જેમ તે શુભાશુભ કર્મ અફળ જતાં નથી, તેમ તેની નિવૃત્તિ પણ અફળ જવાયોગ્ય નથી, માટે તે નિવૃત્તિરૂપ મોક્ષ છે એમ હે વિચક્ષણ ! તું વિચાર

૯૦ કર્મસહિત અનંતકાળ વીત્યો તે તે શુભાશુભ કર્મપ્રત્યેની જીવની આસક્તિને લીધે વીત્યો, પણ તેના પર ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય, અને તેથી મોક્ષસ્વભાવ પ્રગટ થાય

૯૧ દેહાદિ સંયોગનો અનુક્રમે વિયોગ તો થયા કરે છે, પણ તે પાછો ગ્રહણ ન થાય તે રીતે વિયોગ કરવામાં આવે, તો સિદ્ધસ્વરૂપ મોક્ષસ્વભાવ પ્રગટે, અને શાશ્વતપદે અનંત આત્માનંદ ભોગવાય

૯૨ મોક્ષપદ કદાપિ હોય તોપણ તે પ્રાપ્ત થવાનો કોઈ અવિરોધ એટલે યથાતથ્ય પ્રતીત થાય એવો ઉપાય જણાતો નથી, કેમકે અનંત કાળનાં કર્મો છે, તે આવા અલ્પાયુષ્યવાળા મનુષ્યદેહથી કેમ છેદ્યાં જાય ?

૯૩ અથવા કદાપિ મનુષ્યદેહના અલ્પાયુષ્ય વગેરેની શંકા છોડી દઈએ, તોપણ મત અને દર્શન ઘણાં છે અને તે મોક્ષના અનેક ઉપાયો કહે છે, અર્થાત્ કોઈ કંઈ કહે છે, અને કોઈ કંઈ કહે છે, તેમાં કયો મત સાચો એ વિવેક બની શકે એવો નથી

૯૪ બ્રાહ્મણાદિ કઈ જાતિમાં મોક્ષ છે, અથવા કયા વેષમાં મોક્ષ છે, એનો નિશ્ચય પણ ન બની શકે એવો છે, કેમકે તેવા ઘણા ભેદો છે, અને એ દોષે પણ મોક્ષનો ઉપાય પ્રાપ્ત થવાયોગ્ય દેખાતો નથી.

૯૫ તેથી એમ જણાય છે કે, મોક્ષનો ઉપાય પ્રાપ્ત થઈ શકે એવું નથી માટે જીવાદિનું સ્વરૂપ જાણવાથી પણ શું ઉપકાર થાય ? અર્થાત્ જે પદને અર્થે જાણવાં જોઈએ તે પદનો ઉપાય પ્રાપ્ત થવો અશક્ય દેખાય છે

૯૬ આપે પાંચે ઉત્તર કહ્યા તેથી સર્વાંગ એટલે બધી રીતે મારી શંકાનું સમાધાન થયું છે

[illegible] જેણે [illegible] સદ્ભાગ્યનો
[illegible] 'ત્વ' [illegible] બે વાર શબ્દ
[illegible] સમાધાનથી થયેલી નોપયની
[illegible] કહીને છે

૯૭ [illegible] કર્મની નાશ આત્માને વિષે પ્રત
[illegible], કે જેમનું [illegible] એ જ
[illegible] થશે. અત્રે 'થશે' શ
[illegible] એ બે [illegible] સદ્ગુરુએ કહ્યા છે તે
[illegible] નિગત થઇ છે તેને મોક્ષ
[illegible] નથી એમ દર્શાવવા, ત
[illegible] અથવા
[illegible] એમ ભાસવાથી (તે વચન
[illegible] એમ સદ્ગુરુના વચનનો આશય છે

૯૮ [illegible] છે તે જીવનું અજ્ઞાન છે અ
[illegible] છે તે જીવના પોતાના સ્વરૂપને
[illegible] તે [illegible] અજ્ઞાનનો સ્વભાવ અ
[illegible] તેમ પ્રકાશ થતા ઘણા કાળ
[illegible] નાશ પામે છે, તેમ જ્ઞાનપ્રકાશ થ
[illegible] છે

૯૯ જે જે [illegible] કર્મબંધના છે, તે તે
[illegible], અને તે તે [illegible] છેદે એ
[illegible] છે, ભવનો અંત છે

૧૦૦ [illegible] અને અજ્ઞાન એવું એકત્વ એ
[illegible] છે, અર્થાત્ એ વિના કર્મનો
[illegible] જેથી નિવૃત્તિ થાય તે જ
[illegible]

૧૦૧ 'સત્' એટલે 'અવિનાશી,' અને 'ચૈતન્યમય' એટલે 'સર્વભાવને પ્રકાશવારૂપ સ્વભાવમય' 'અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો,' 'કેવળ' એટલે 'શુદ્ધ આત્મા' પામિયે તેમ પ્રવર્તાય તે મોક્ષમાર્ગ છે

૧૦૨ કર્મ અનંત પ્રકારના છે, પણ તેના મુખ્ય જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર થાય છે તેમાં પણ મુખ્ય મોહનીયકર્મ છે તે મોહનીયકર્મ હણાય તેનો પાઠ કહું છું

૧૦૩ તે મોહનીય કર્મ બે ભેદે છે;—એક 'દર્શનમોહનીય' એટલે 'પરમાર્થને વિષે અપરમાર્થબુદ્ધિ અને અપરમાર્થને વિષે પરમાર્થબુદ્ધિરૂપ' બીજી 'ચારિત્રમોહનીય' 'તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય, તે સ્થિરતાને રોધક એવા પૂર્વસંસ્કારરૂપ કષાય અને નોકષાય' તે ચારિત્રમોહનીય દર્શનમોહનીયને આત્મબોધ અને ચારિત્રમોહનીયને વીતરાગપણું નાશ કરે છે આમ તેના અચૂક ઉપાય છે, કેમકે મિથ્યાબોધ તે દર્શનમોહનીય છે તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે અને ચારિત્રમોહનીય રાગાદિક પરિણામરૂપ છે, તેનો પ્રતિપક્ષ વીતરાગભાવ છે એટલે અંધકાર જેમ પ્રકાશ થવાથી નાશ પામે છે—તે તેનો અચૂક ઉપાય છે—તેમ બોધ અને વીતરાગતા દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ અંધકાર ટાળવામાં પ્રકાશસ્વરૂપ છે માટે તે તેનો અચૂક ઉપાય છે

૧૦૪ ક્રોધાદિ ભાવથી કર્મબંધ થાય છે, અને ક્ષમાદિક ભાવથી તે હણાય છે, અર્થાત્ ક્ષમા રાખવાથી ક્રોધ રોકી શકાય છે, સરળતાથી માયા રોકી શકાય છે, સંતોષથી લોભ રોકી શકાય છે, એમ રતિ અરતિ આદિના પ્રતિપક્ષથી તે તે દોષો રોકી શકાય છે, તે જ કર્મબંધનો નિરોધ છે, અને તે જ તેની નિવૃત્તિ છે વળી સર્વને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ છે, અથવા સર્વને પ્રત્યક્ષ અનુભવ થઈ શકે એવું છે ક્રોધાદિ રોક્યાં રોકાય છે, અને જે કર્મબંધને રોકે છે, તે અકર્મદશાનો માર્ગ છે એ માર્ગ પરલોકે નહીં, પણ અત્રે અનુભવમાં આવે છે, તો એમાં સંદેહ શો કરવો ?

૧૦૫ આ મારો મત છે, માટે મારે વળગી જ રહેવું, અથવા આ મારું દર્શન છે, માટે ગમે તેમ મારે તે સિદ્ધ કરવું એવો આગ્રહ અથવા એવા વિકલ્પને છોડીને આ જે માર્ગ કહ્યો છે, તે સાધશે, તેના અલ્પ જન્મ જાણવા અહીં 'જન્મ' શબ્દ બહુવચનમાં વાપર્યો છે, તે એટલું જ દર્શાવવાને કે, ક્વચિત્ તે સાધન અધૂરાં રહ્યાં તેથી, અથવા જઘન્ય, કે મધ્યમ પરિણામની ધારાથી આરાધન થયાં હોય તેની, સર્વ કર્મ ક્ષય થઈ ન શકવાથી બીજો જન્મ થવાનો સંભવ છે, પણ તે બહુ નહીં, બહુ જ અલ્પ "સમકિત આવ્યા પછી જો વમે નહીં, તો ઘણામાં ઘણા પંદર ભવ થાય, એમ જિને કહ્યું છે," અને "જે ઉત્કૃષ્ટપણે આરાધે તેનો તે ભવે પણ મોક્ષ થાય," અત્રે તે વાતનો વિરોધ નથી

૧૦૬ હે શિષ્ય ! તે છ પદનાં છ પ્રશ્નો વિચાર કરી પૂછ્યા છે, અને તે પદની સર્વાંગતામાં મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચય કર. અર્થાત્ એમાંનું કોઈ પણ પદ એકાંતે, કે અવિચારથી ઉથાપતાં મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી

૧૦૭ જે મોક્ષનો માર્ગ કહ્યો તે હોય તો ગમે તે જાતિ કે વેષથી મોક્ષ થાય, એમાં કંઈ ભેદ નથી જે સાધે તે મુક્તિપદ પામે અને તે મોક્ષમાં પણ બીજા કશા પ્રકારનો ઉચ્ચનીચત્વાદિ ભેદ નથી અથવા આ વચન કહ્યાં તેમાં બીજો કંઈ ભેદ એટલે ફેર નથી

૧૦૮ ક્રોધાદિ કષાય જેના પાતળા પડ્યા છે માત્ર આત્માને વિષે મોક્ષ થવા સિવાય બીજી કોઈ ઇચ્છા નથી, અને સંસારના ભોગ પ્રત્યે ઉદાસીનતા વર્તે છે તેમ જ પ્રાણીપર અંતરથી દયા વર્તે છે, તે જીવને મોક્ષમાર્ગનો જિજ્ઞાસુ કહીએ. અર્થાત્ તે માર્ગ પામવાયોગ્ય કહીએ

૧૦૯ તે જિજ્ઞાસુ જીવને જો સદ્ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે સમકિતને પામે, અને અંતરની શોધમાં વર્તે

૧૧૦ મત અને દર્શનનો આગ્રહ છોડી દઈ જે સદ્ગુરુને લક્ષે વર્તે તે શુદ્ધ સમકિતને પામે, કે જેમાં ભેદ તથા પક્ષ નથી

૧૧૧ આત્મસ્વભાવનો જ્યાં અનુભવ, લક્ષ, અને પ્રતીત વર્તે છે, તથા વૃત્તિ આત્માના સ્વભાવમાં વહે છે, ત્યાં પરમાર્થ સમકિત છે

૧૧૨ તે સમકિત વધતી જતી ધારાથી હાસ્ય શોકાદિ જે કઈ આત્માને વિષે મિથ્યાભાસ ભાસ્યાં છે તેને ટાળે, અને સ્વભાવ સમાધિરૂપ ચારિત્રનો ઉદય થાય, જેથી સર્વ રાગદ્વેષના ક્ષયરૂપ વીતરાગપદમા સ્થિતિ થાય

૧૧૩ સર્વ આભાસરહિત આત્મસ્વભાવનું જ્યા અખડ એટલે ક્યારે પણ ખડિત ન થાય, મદ ન થાય, નાશ ન પામે એવુ જ્ઞાન વર્તે તેને કેવળજ્ઞાન કહીએ છીએ જે કેવળજ્ઞાન પામ્યાથી ઉત્કૃષ્ટ જીવનમુક્તદશારૂપ નિર્વાણ, દેહ છતા જ અત્રે અનુભવાય છે

૧૧૪ કરોડો વર્ષનુ સ્વપ્ન હોય તોપણ જાગ્રત થતા તરત તે શમાય છે, તેમ અનાદિનો વિભાવ છે તે આત્મજ્ઞાન થતા દૂર થાય છે

૧૧૫ હે શિષ્ય ! દેહમા જે આત્મતા મનાઇ છે, અને તેને લીધે સ્ત્રી પુત્રાદિ સર્વમા અહમમત્વપણું વર્તે છે, તે આત્મતા જો આત્મામા જ મનાય, અને તે દેહાધ્યાસ એટલે દેહમાં આત્મબુદ્ધિ તથા આત્મામા દેહબુદ્ધિ છે તે છૂટે, તો તું કર્મનો કર્તા પણ નથી, અને ભોક્તા પણ નથી, અને એ જ ધર્મનો મર્મ છે

૧૧૬ એ જ ધર્મથી મોક્ષ છે, અને તું જ મોક્ષસ્વરૂપ છો, અર્થાત્ શુદ્ધ આત્મપદ એ જ મોક્ષ છે તું અનંત જ્ઞાન દર્શન તથા અવ્યાબાધ સુખસ્વરૂપ છો

એના જેવો કોઈ રોગ નથી, સદ્‌ગુરુ જેવા વૈદ્ય
કે ડાહ્યા અથવા નિપુણ વૈદ્ય નથી, સદ્‌ગુરુ
આજ્ઞાએ ચાલવા સમાન બીજું કોઈ પથ્ય નથી
અને વિચાર તથા નિદિધ્યાસન જેવું કોઈ બીજું
ઔષધ નથી.

૧૩૦. જો પરમાર્થને ઇચ્છતા હો તો સાચો
પુરુષાર્થ કરો, અને ભવસ્થિતિ આદિનું નામ લઈને
આત્માર્થને છેદો નહીં

૧૩૧ આત્મા અબંધ છે, અસંગ છે, સિદ્ધ
છે, એવી નિશ્ચયમુખ્ય વાણી સાંભળી સાધન
તજવાં યોગ્ય નથી પણ તથારૂપ નિશ્ચય લક્ષમાં
રાખી સાધન કરીને નિશ્ચયસ્વરૂપ પ્રાપ્ત કરવું

૧૩૨ અત્રે એકાંતે નિશ્ચયનય કહ્યો નથી,
અથવા એકાંતે વ્યવહારનય કહ્યો નથી બન્ને જ્યાં
જ્યાં જેમ ઘટે તેમ સાથે રહ્યા છે

૧૩૩ ગચ્છ, મતની કલ્પના છે તે સદ્‌વ્યવ-
હાર નથી પણ આત્માર્થીના લક્ષણમાં કહી તે
દશા અને મોક્ષોપાયમાં જિજ્ઞાસુના લક્ષણ આદિ
કહ્યાં તે સદ્‌વ્યવહાર છે જે અત્રે તો સંક્ષેપમાં
કહેલ છે પોતાના સ્વરૂપનું ભાન નથી, અર્થાત્
જેમ દેહ અનુભવમાં આવે છે તેવો આત્માનો
અનુભવ થયો નથી દેહાધ્યાસ વર્તે છે અને જે
વૈરાગ્યાદિ સાધન પામ્યા વિના નિશ્ચય પોકાર્યા કરે
છે તે નિશ્ચય સારભૂત નથી

૧૩૪ ભૂતકાળમાં જે જ્ઞાનીપુરુષો થઈ ગયા
છે, વર્તમાનકાળમાં જે છે અને ભવિષ્યકાળમાં

થએ, તેને કોઇને માર્ગનો ભેદ નથી, અર્થાત્ પરમાર્થે તે સૌનો એક માર્ગ છે અને પ્રાપ્ત કરવા યોગ્ય વ્યવહાર પણ તે જ પરમાર્થસાધકરૂપે દેશ કાળાદિને લીધે ભેદ કહ્યો હોય છતા એક ફળ ઉત્પન્ન કરનાર હોવાથી તેમા પણ પરમાર્થે ભેદ નથી

૧૩૫ સર્વે જીવને વિષે સિદ્ધ સમાન સત્તા છે, પણ તે તો જે સમજે તેને પ્રગટ થાય, તે પ્રગટ થવામા સદ્ગુરૂની આજ્ઞાથી પ્રવર્ત્તવુ, તથા સદ્ગુરૂએ ઉપદેશેલી એવી જિનદશાનો વિચાર કરવો તે બેય નિમિત્ત કારણ છે

૧૩૬ સદ્ગુરૂઆજ્ઞા આદિ તે આત્મસાધનના નિમિત્ત કારણ છે, અને આત્માના જ્ઞાન દર્શનાદિ ઉપાદાન કારણ છે, એમ શાસ્ત્રમા કહ્યુ છે, તેથી ઉપાદાનનુ નામ લઈ જે કોઇ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે, અને ભ્રાંતિમા વર્ત્યા કરશે, કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમા કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારૂ સાચા નિમિત્ત મળ્યા છતા કામ નહીં થાય, માટે સાચાનિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલબીને ઉપાદાન સન્મુખ કરવુ, અને પુરૂષાર્થરહિત ન થવુ એવો શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે

૧૩૭ મુખથી નિશ્ચયમુખ્ય વચનો કહે છે, પણ અતરથી પોતાને જ મોહ છૂટયો નથી, એવા પામર પ્રાણી માત્ર જ્ઞાની કહેવરાવવાની સાચા જ્ઞાનીપુરૂષનો દ્રોહ કરે છે

જેવો બીજો કોઈ રોગ નથી, સદ્ગુરુ જેવા કોઈ ખરા નિપુણ વૈદ્ય નથી, સદ્ગુરુ આજ્ઞાએ ચાલવા સમાન બીજું કોઈ પથ્ય નથી અને વિચાર તથા નિદિધ્યાસન જેવું કોઈ ઔષધ નથી

૧૩૦. જો પરમાર્થને ઇચ્છતા હો તો સત્ય પુરુષાર્થ કરો, અને ભવસ્થિતિ આદિનું નામ લઈને આત્માર્થને છેદો નહીં

૧૩૧ આત્મા અબંધ છે, અસંગ છે, સિદ્ધ છે એવી નિશ્ચયમુખ્ય વાણી સાંભળીને સાધન તજવા યોગ્ય નથી, પણ તથારૂપ નિશ્ચય લક્ષમાં રાખી સાધન કરીને નિશ્ચયસ્વરૂપ પ્રાપ્ત કરવું

૧૩૨ અત્રે એકાંતે નિશ્ચયનય કહ્યો નથી, અથવા એકાંતે વ્યવહારનય કહ્યો નથી, બેય જ્યાં જેમ ઘટે તેમ સાથે રહ્યા છે

૧૩૩ સ્વચ્છ મતની કલ્પના છે તે સદ્વ્યવહાર નથી પણ આત્માર્થીના લક્ષણમાં કહી તે દશા અને મોક્ષોપાયમાં જિજ્ઞાસુના લક્ષણ આદિ કહ્યા તે સદ્વ્યવહાર છે જે અત્રે તો સંક્ષેપમાં કહેલ છે પોતાના સ્વરૂપનું ભાન નથી, અર્થાત્ જેમ દેહ અનુભવમાં આવે છે તેમ આત્માનો અનુભવ થયો નથી, દેહાધ્યાસ વર્તે છે, અને જે વૈરાગ્યાદિ સાધન પામ્યાવિના નિશ્ચય પોકાર્યા કરે છે તે નિશ્ચયસારભૂત નથી

૧૩૪ ભૂતકાળમાં જે જ્ઞાનીપુરુષો થઈ ગયા છે, વર્તમાનકાળમાં જે છે અને ભવિષ્યકાળમાં

અંતિમ.

૧૩૮, દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્ય એ ગુણો મુમુક્ષુના ઘટમાં સદાય જાગ્રત એટલે જાગતા હોય, અર્થાત્ એ ગુણો વિના તો મુમુક્ષુપણું પણ ન હોય

૧૩૯ મોહભાવનો જ્યાં ક્ષય થયો હોય, અથવા જ્યાં મોહદશા બહુ ક્ષીણ થઈ હોય, ત્યાં જ્ઞાનીની દશા કહીએ, અને બાકી તો જેણે પોતામાં જ્ઞાન માની લીધું છે, તેને ભ્રાંતિ કહીએ

૧૪૦ સમસ્ત જગત્ જેણે એઠ જેવું જાણ્યું છે, અથવા સ્વપ્ન જેવું જગત્ જેને જ્ઞાનમાં વર્તે છે, તે જ્ઞાનીની દશા છે, બાકી માત્ર વાચાજ્ઞાન એટલે કહેવામાત્ર જ્ઞાન છે

૧૪૧ પાંચે સ્થાનક વિચારીને જે છઠ્ઠે સ્થાનકે વર્તે એટલે તે મોક્ષના જે ઉપાય કહ્યા છે તેમાં વર્તે તે પાંચમું સ્થાનક એટલે મોક્ષપદ તેને પામે

૧૪૨ પૂર્વપ્રારબ્ધયોગથી જેને દેહ વર્તે છે, પણ તે દેહથી અતીત એટલે દેહાદિની કલ્પનારહિત આત્મામય જેની દશા વર્તે છે, તે જ્ઞાનીપુરુષના ચરણકમળમાં અગણિત વાર વંદન હો.

સં. ૧૯૫૨ ના આશ્વિન વદ ૧ ગુરુવારે નડિયાદ

અંતિમ.